૧. શ્રી નવસારી તીર્થ - શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજ

નવસારી શહેરમાં આ જિનાલય આવેલું છે. વસ્તુપાળ-તેજપાળના સમયમાં અનેક જિનાલયોના નિર્માણ અને જીર્ણોદ્ધાર થયાં હતાં તેમાંનું આ એક પ્રાચીન જિનાલય છે. જે લગભગ ૮૦૦ વર્ષ પ્રાચીન હોવાનું મનાય છે. ગુજરાતના મહામંત્રી વસ્તુપાળ-તેજપાળે આ નગરમાં બાવન જિનાલય વાળો મહાપ્રસાદ બંધાવ્યો હતો. આજે એ દેરાસર વિદ્યમાન નથી પરંતુ શ્રી પાર્શ્વનાથ ભગવાનની તે સમયની પ્રતિમાજી છે. પ્રતિમાજી ખૂબ જ પ્રભાવશાળી છે. મૂળનાયકને યથાસ્થાને રાખી જીર્ણોદ્ધાર અહીની પેઢી દ્વારા કરાયો હતો. બાકીના જિનાલયની પ્રતિષ્ઠા વિ.સં.૧૯૮૮ના મહા સુદ-૬ના રોજ કરેલ છે. મધુમતી જૈન દેરાસરજી તરીકે પ્રચલીત છે.

શ્રી નવસારી શ્વે.મૂ.જૈન સંઘ - શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ જિનાલય  મધુમતિ, નવસારી. ફોન નં. 244862.

૨. શ્રી સૂરત તીર્થ - શ્રી ઉંમરવાડી પાર્શ્વનાથ ભગવાન

ગોપીપુરાના ઓસવાલ મહોલ્લામાં એક પ્રભાવસંપન્ન પાર્શ્વનાથ બિરાજે છે. ઉમરવાડીમાં બિરાજતાં હોવાથી આ પ્રભુજી ઉમરવાડીના નામથી પ્રસિદ્ધિ પામ્યા છે. આ દેરાસર સત્તરમા સૈકામાં વિદ્યમાન હતું. સં. ૧૯૭૧માં આ જિનાલયનો પુનઃ જીર્ણોદ્ધાર થયો હતો, હાલ દેસાઈ પોળ જૈન પેઢી આ દેરાસરનો વહીવટ કરે છે. સં. ૧૬૮૯માં મુનિશ્રી ગુણવિજયના શિષ્યે "૧૦૮ ના ગર્ભિત શ્રી પાર્શ્વનાથનું સ્તવન"માં 'ઉમરવાડી' પાર્શ્વનાથને પણ વંદના કરી છે.

શ્રી ઉંમરવાડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ, ઉમરવાડી, ઓસવાળ મહોલ્લો, ગોપીનાથ, સુરત.

૩. શ્રી સૂરત તીર્થ - શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાન

સુરતના શેઠની ભાઈદાસ નેમીદાસ એક ભાવસંપન્ન શ્રેષ્ઠી હતા. ''સુરતનું શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જિનાલય'' તેમની પ્રચંડ પ્રતિભા. અપાર ઔદાર્ય અને અજોડ ધર્મનિષ્ઠાની ફલશ્રુતિ છે. શ્રી જિનલાભસૂરિની વૈરાગ્યવર્ધક વાણીએ આ શ્રેષ્ઠીના અંતરમાં ધર્મભાવનાનો આવિર્ભાવ કર્યો. સ્વપરના એકાન્ત કલ્યાણને કાજે તેમણે સં. ૧૮૨૭ના વૈશાખ સુદ ૧૨ ગુરુવારે પૂ. સુરિદેવના હસ્તે ભવ્ય મહોત્સવપૂર્વક ૧૮૧ જિનબિંબોની અંજનશલાકા કરાવી અને શ્રી શીતલનાથ પ્રભુને મૂળનાયક પદે પ્રસ્થાપિત કર્યું. આ જિનાલયના ભૂમિચૈત્યમાં(ભોયરામાં) શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ પ્રભુને ગાદીનશીન કર્યા. એક પથ્થરમાંથી કંડારેલી આ પ્રતિમામાં શિલ્પીએ અપાર કલાવૈભવ પાથર્યો છે. પ્રભુજીની ચરણોપાસિકા પદ્માવતીની આકૃતિ દેવીના અનહદ ભક્તિભાવની સૂચક છે. અપરાધની ક્ષમા યાચના મેઘમાળીની આકૃતિ અનોખી ભાવસૃષ્ટિનું સર્જન

કરે છે. પરિક્રમામાં દશ ગણોધરોની આકૃતિથી આ મૂર્તિ અજોડતા અને અવ્વલતાને ધારણ કરે છે. સં.૧૬૫૫માં રચાયેલી શ્રી પ્રેમી વિજય કૃત “૩૬૫ શ્રી પાર્શ્વનાથ જિન નામમાલા”માં શ્રી પાર્શ્વનાથ પ્રભુના ‘સહસ્ત્રફણા’ નામનો ઉલ્લેખ છે.

શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર દેરાસર ઠે. ગોપીનાથ મુ.સુરત (દક્ષિણ ગુજરાત)

૪. શ્રી સુરત તીર્થ - શ્રી દુઃખભંજન પાર્શ્વનાથ ભગવાન

નામથી જ પોતાના પ્રબળ પ્રભાવનો પરિચય કરાવતા આ પાર્શ્વસ્વામી અતિ પ્રાચીન નથી છતાં તે અતિ પ્રભાવક છે. ભક્તજનોનાં દુઃખ અને દુરિતનું ભંજન કરનારા આ પરમાત્માનું ‘શ્રી દુઃખભંજન’ નામ સાર્થક છે. સૂર્યપુરમંડન શ્રી દુઃખભંજન પાર્શ્વનાથનું આ જિનાલય શેઠ તલકચંદ માણેકચંદ માસ્તરના દેરાસર તરીકે ઓળખાય છે. આ પાર્શ્વસ્વામી સં. ૧૯૪૨ના હોવાનું કહેવાય છે. સં.૧૯૫૦માં આ જિનાલયનું નિર્માણ થયું હતું.

શ્રી દુઃખભંજન પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર દેરાસર ઠે. દેસાઈ પોળ, બેસન્ટ હોલ સામે, ચંદનબાગ મુ. સુરત(ગુજરાત)

૫. શ્રી સુરત તીર્થ - શ્રી સૂરજમ ંડન પાર્શ્વનાથ ભગવાન

સમ્રાટ અકબરના જીવનપરિવર્તનમાં મહત્વનો ભાવ ભજવતાં શ્રી શાન્તિચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય શ્રી રત્નચંદ્ર ગણિના વરદ હસ્તે સં.૧૬૭૯ના કારતક વદ પાંચમને ગુરુવારે પુનર્વસુ નક્ષત્રમાં આ પરમાત્માની પ્રતિષ્ઠા થઈ હતી. ગોપીદાસ નામના શ્રેષ્ઠી એ આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. શ્રેષ્ઠીના નામ પરથી સૂરત શહેરનો મહત્ત્વનો વિસ્તાર ‘‘ગોપીપુરા’’ તરીકે ઓળખાય છે. હાથીવાળા દેરાસર તરીકે ઓળખાતા મૂળનાયક શ્રી ધર્મનાથજીના દેરાસરના ભોંયરામાં શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ બિરાજે છે. મૂળનાયક શ્રી ધર્મનાથ ભગવાનની પ્રતિષ્ઠા શ્રી હીરવિજય સૂરીશ્વરજીએ સં.૧૬૬૪ના જેઠ વદ પાંચમ સોમવારે કરી હતી. આ પરમાત્માનું અલૌકિક રૂપ અને લોકોત્તર પ્રભાવને જાણીને અમદાવાદના શ્રી શાંતિદાસ શેઠે આ પરમાત્માની સમક્ષ ચિંતામણિ મંત્રની આરાધના કરી હતી.

શ્રી સૂરતમંડળ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન દેરાસર પેઢી હાથીવાળુ દેરૂં, ઠે. ગોપીપુરા, સુરત.

૬. શ્રી રાંદેર તીર્થ - શ્રી વિધ્નહરા પાર્શ્વનાથ ભગવાન

સુરતની પાડોશમાં આવેલું સંદેર પ્રાચીન છે. પાંચ મનોહર જિનાલયો આ ગામના જૈનોની ધર્મપ્રિયતાના સાક્ષી છે. અને પ્રાચીન તીર્થમાળા સ્તવનોમાં રાંદેરનો ઉલ્લેખ નોંધપાત્ર છે. શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથજી ૩૦૦ વર્ષ જેટલા પ્રાચીન ગણાય છે. વિઘ્નના વંટોળનું વિસર્જન કરી ભક્તને ભયરહિત બનાવતા આ પ્રભુજીનું 'વિઘ્નહરા' નામ યથાર્થ છે. સં. ૧૬૩૮માં રાંદેરમાં ચાતુર્માસ રહી શ્રી શ્રીપાળ મહારાજાના રાસની રચના કરતાં કરતાં પૂ. મહોપાધ્યાય શ્રી વિનય વિજયજી અહીં જ સ્વર્ગવાસ પામ્યા ને તેમના સંકેત પ્રમાણે પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે બાકીનો રાસ અહીં જ પૂર્ણ કર્યો.

શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથ જૈન શ્વતાંબર દેરાસર

શ્રી આદિનેમનાથ જૈન દેરાસર પેઢી

ડો. ઉત્તમરામ સ્ટ્રીટ, નિશાળ ફળિયા,મુ. રાંદેર, સુરત-૩૯૫૦૦૫.

૭. શ્રી ભરૂચ તીર્થ - શ્રી કલ્હારા પાર્શ્વનાથ ભગવાન

ભરૂચનાં ધીકતાં બંદરી વ્યાપારે તેનું મહત્વ ખૂબ વધાર્યું હતું. લાટદેશનું આ મહત્વનું નગર એક કાળે સમૃદ્ધિના શિખર પર બિરાજમાન હતું. આ નગરના વૈભવથી લલચાઈને અનેક શાસકોએ તેનું આધિપત્ય પ્રાપ્ત કરવા જંગો ખોલ્યા હતા. અંડ મંત્રીએ કાષ્ટના આ જિનપ્રાસાદને ૩૨ લાખ સોનૈયાનો વ્યય કરી પાષાણમય બનાવ્યો. કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના વરદહસ્તે તેની પ્રાણપ્રતિષ્ઠા થઈ. મહારાજા કુમારપાળે અહીં ઉતારેલી આરતી અમર બની ગયી. મહારાજા કુમારપાળના મંત્રીએ પ્રસાદની પચ્ચીસ દેવકુલિકાઓને સુવર્ણ-ધ્વજથી મંડિત કરી. તે ઉપરાંત બીજા પણ ભવ્ય જિનપ્રસાદોનાં અહીં નિર્માણ થયાના ઉલ્લેખો પ્રાપ્ત થયાં છે. શ્રીમાળી પોળમાં શ્રી કલ્હારા પાર્શ્વનાથનું પ્રાચીન જિનાલય છે. આ પાર્શ્વનાથ ''શ્રી કલ્યાણ પાર્શ્વનાથ'' નામથી પ્રસિદ્ધ છે. શ્વેત વર્ણના આ પાર્શ્વનાથ અતિ પ્રાચીન અને મનોહર છે. અનેક પ્રાચીન રચનાઓમાં આ પાર્શ્વનાથને 'કલ્હારા' નામથી ઓળખવામાં આવ્યાં છે. ''જૈનતીર્થોના ઈતિહાસમાં'' શ્રી ન્યાયવિજયે ભરૂચના પાર્શ્વનાથને ''શ્રી યશોધરા પાર્શ્વનાથ'' નામથી ઓળખાવ્યા છે.

શ્રી કલ્હારા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ

શ્રી મુનિસુવ્રત સ્વામી શ્વેતાંબર જૈન દેરાસર પેઢી, શ્રીમાળી પોળ, ભરૂચ-૩૯૨૦૦૧

૮. શ્રી ગંધાર તીર્થ - શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાન

દક્ષિણ ગુજરાતનું સમૃદ્ધિમય પ્રાચીન જહોજલાલી પૂર્ણ આ ગંધાર બંદર હતું. અનેક શ્રાવકના ઘરો હતાં. ૧૭મી સદીમાં આચાર્ય હીરસૂરીશ્વરજી મ.સા. અત્રે ચાતુર્માસ બિરાજમાન હતા ત્યાંથી વિહાર કરી દિલ્હી જઈને અકબર રાજાને પ્રતિબોધ કરેલ. આ તીર્થમાં મહાવીર પ્રભુજીના જિનાલયના પ્રતિમાજી પણ પ્રાચીન છે. વર્ધમાન પાર્શ્વનાથપ્રભુના જિનાલયનો જિર્ણોદ્ધાર આચાર્ય શ્રી રામચંદ્રસૂરીશ્વરજીની પાવન પ્રેરણા દ્વારા થયેલ છે. સમુદ્ર કિનારે વસેલ આ તીર્થનું વાતાવરણ ખૂબ જ શાંતિદાયક છે. રહેવા માટે ધર્મશાળા  છે. તથા ભોજનશાળાની પણ સગવડતા છે.

શ્રી ગંધાર જૈન દેરાસર ટ્રસ્ટ

પોસ્ટ- ગંધાર - ૩૯૨૧૪૦ તાલુકો : વાગરા, જિલ્લો ઃ ભરૂચ (ગુજરાત)

૯. શ્રી ડભોઈ તીર્થ - શ્રી પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ

પ્રાચીન કાળમાં 'દર્ભાવતી' નામથી ઓળખાતી આ નગરી સિદ્ધરાજ જયસિંહના સમયમાં વસી હતી. અનેક મનોહર જિનાલયોથી શોભતું આ ડભોઈ પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથનું પણ તીર્થ છે. શ્રી ઋષભાદિ જયતિલક પ્રાસાદના ભોંયરામાં આ પરમાત્મા બિરાજે છે. પરમાત્માના દેહની કાન્તિ મોહક છે. એક ધોબીએ સ્વપ્નમાં આ મનોહર જિનબિંબના દર્શન કર્યા હતા. સ્વપ્નના સંકેત સંશોધન કરતા તેણે ડભોઈ નજીકના સંખેડા બાદરપુર ગામો વચ્ચેની ઓરસંગ નદીના કાંઠેથી આ પ્રતિમાજી પ્રાપ્ત થયાં. આ પ્રતિમાજીને ડભોઈ લાવવામાં આવ્યા. પ્રતિમાજી ઘણાં પ્રાચીન જણાય છે. આદિનાથજીના નૂતન જિનાલયમાં ડભોઈમાં જ જન્મેલા આ.દેવશ્રી જંબુસૂરીશ્વરજીના વરદ હસ્તે સં.૨૦૦૭ના વૈશાખ સુદ ૭ના દિને પરમાત્માને ગાદીનશીન કરવામાં આવ્યા. પ્રગટ પ્રભાવથી યુક્ત આ પરમાત્માનું પ્રકટ પ્રભાવી નામ સહેતુક છે. દર્ભાવતી મંડન આ પાર્શ્વનાથ "દર્ભાવતી પાર્શ્વનાથ"ના નામથી પણ ઓળખાય છે.

શ્રી આદિનાથજી જૈન શ્વેતાંબર મંદિર

શ્રીમાળી વાગા, મુ. ડભોઈ, જિલ્લો ઃ વડોદરા (ગુજરાત) પીન-૩૯૧૧૧૦.

૧૦. શ્રી ડભોઈ તીર્થ - શ્રી લોઢણ પાર્શ્વનાથ ભગવાન

પૂર્વકાળની પ્રાચીન સમૃદ્ધિમય દર્ભાવતી નગરી જેવા મૂળનાયક પ્રભુજીની પ્રતિમા રાજા વીરધવળના મંત્રી તેજપાળે એક ભવ્ય જિનાલયનું નિર્માણ કરીને પ્રતિષ્ઠિત કરી હતી. જે ત્યારબાદ લાંબા સમય સુધી ભુગર્ભ જળમાં રહ્યા છતાં આ રેતની પ્રતિમાજીનો એક કણ પણ ખર્યો નહીં અને લોઢા જેવી સખત બની ગઈ તેથી

લોઢણ પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધિ પામી મહોપાધ્યાય યશોવિજયજી મ.સા.ની આ સ્વર્ગવાસ ભૂમિ છે. જેમના નામનો વિશાળ જ્ઞાનભંડાર અતિ પ્રાચીન અહીં શોભી રહ્યો છે. ગામમાં ધર્મશાળા તેમજ ભોજનશાળાની સગવડતા છે. વડોદરાથી ડભોઈ ૩૨ કિ.મી.દૂર આવેલું છે.

શેઠ દેવચંદ ધરમચંદની પેઢી

શ્રીમાળી વાગા, શામળાજીની શેરી, ડભોઈ-૩૯૧૧૧૦.

જિલ્લો ઃ વડોદરા, રાજ્ય ઃ ગુજરાત. ફોન ઃ ૦૨૬૬૩-૨૫૮૧૫૦.

૧૧. શ્રી છાણી તીર્થ - શ્રી વિમલ પાર્શ્વનાથ ભગવાન

મનના માલિન્યનું મારણ કરતા શ્રી વિમલ પાર્શ્વનાથજી શ્વેત પાષાણના છે. સાતફણાથી અલંકૃત પદ્માસને બિરાજમાન આ પ્રતિમાની ૧૩ ઇંચ અને ૧૧ ઇંચ પહોળાં છે. છાતીમાં તે કાળે પાંચ મનોહર ચૈત્યો શોભતાં હતાં. સંભવ છે કે આ જિનાલયનો જીર્ણ થતાં તેમનો જીર્ણોદ્ધાર કરી એક જ પ્રસાદમાં રૂપાંતરિત કરવામાં આવ્યાં હોય. એક અનુશ્રુતિ નગર એ પૂર્વે લશ્કરી છાવણીનું મથક હતું. "છાવણી" પરથી આ ગામ છાણી નામથી પ્રસિદ્ધ થયું. અહીં શ્રાવકના મહોલ્લામાં શ્રી શાંતિનાથ સ્વામીનો ભવ્ય જિનપ્રસાદ છે. સં. ૧૯૫૧માં આ પ્રભુજીની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી. અહીં જિનપ્રાસાદના પટાંગણમાં એક બાજુ શ્રી વિમલ પાર્શ્વનાથ નાનકડું જિનાલય છે. વિ.સં. ૧૮૯૩માં શ્રી વિમલ પાર્શ્વનાથ પ્રભુને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા હતાં. અનાદિકાળથી આત્માને અથડાવતા કર્મમલને દૂર કરી આત્માને વિમલ કરી આપતા આ પ્રભુજીનું "વિમલ"નામ  રહસ્ય યુક્ત છે. સં. ૧૬૫૫ આસો સુદ દસમીના દિને રચાયેલી શ્રી પ્રેમવિજય કૃત "૩૬૫ શ્રી પાર્શ્વજીન નામાવલી'માં 'છાયાપુર પાર્શ્વનાથ' નામનો ઉલ્લેખ છે. અનુમાનથી કહી શકાય છે કે છાયાપુર પાર્શ્વનાથ એજ આ વિમલ પાર્શ્વનાથ હોવા જોઈએ. શ્રી વિમલ પાર્શ્વનાથનું એક માત્ર તીર્થ છાણી શ્રાવકના મહોલ્લામાં આવેલું છે. વડોદરા ૮ કિ.મી. દૂર આવેલું તીર્થ છાયાપુરી રેલવે સ્ટેશનથી ૧ કિ.મી. દૂર છે. અહીં પ્રાચીન જ્ઞાન ભંડાર તથા ઉપાશ્રયો આવેલા છે. કુલ ૪ જિનાલયો અહીં શોભે છે. અહીંના જિનાલયો યાત્રા કરવા લાયક છે અને અહીંના જૈનોની ધાર્મિકતા નિહાળવા જેવી છે.

શ્રી વિમલ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ

શ્રી શાંતિજનાથજી શ્વેતાંબર જિનપ્રસાદ

શ્રાવકનો મહોલ્લો છાણી, જિ. વડોદરા (ગુજરાત)

૧૨. શ્રી ખંભાત તીર્થ - શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવાન

પ્રાચીનકાળથી ત્રંબાવતી નગરીના નામે પ્રસિદ્ધિ પામેલાં ખંભાતના આજે ૭૨ જિનાલયો જૈન ધર્મની યશોગાથા ગાતા દીપી રહ્યાં છે. ખંભાતનાં આ જિનાલયો કે જેમાં હીરાપન્ના સુવર્ણ, રૌપ્ય અને ધાતુની આહ્લાદક પ્રતિમાજીઓ દર્શનીય છે. સંવત ૧૧૬માં બંધાયેલ સ્થંભન પાર્શ્વનાથ મંદિર સૌથી વધુ પ્રાચીન અને કલાત્મક છે. આ ઉપરાંત ખંભાતના તિલકસમુ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુનું મંદિર પણ અતિ પ્રાચીન છે. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીની આ સાધનાભૂમિ છે. અનેક મહાપુરુષોની ભેટ આ નગેરે જિનશાસન ચરણે ધરી છે.

શ્રી ખંભાત જૈન શ્વે. મૂ.જૈન સંઘ, ખારવાડો ખંભાત,

શ્રી વિશા ઓશવાળ તપગચ્છ જૈન સંઘ - માણેકચોક,

ખંભાત - ૩૮૮૬૨૦ ફોન નં. ઃ ૦૨૬૯૮-૨૩૬૯૬

૧૩. શ્રી ખંભાત તીર્થ - શ્રી કંસારી પાર્શ્વનાથ ભગવાન

સૈંકાઓથી જૈન ધર્મની અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતા ખંભાતથી ઇશાન ખૂણામાં દોઢ કિ.મી.ને જ અંતરે કંસારી ગામ પણ જૈનોનું મહત્ત્વનું ધર્મકેન્દ્ર હતું. અહીં જૈનોની પુષ્કળ વસ્તી અને જિનાલયો હતા. આ કંસારીમાં શ્રી ભીડભંજન પાર્શ્વનાથનું દેવવિમાન સમ મનોહર જિનાલય તીર્થયાત્રાના ધામ સમું હતું. કાળક્રમે આ ગામમાંથી જૈનોની વસ્તી શેષ થઇ. તેથી શ્રી ભીડભંજન પાર્શ્વજનાથને કંસાશીથી ખંભાત લાવવામાં આવ્યા અને ખારવાડામાં એક નવનિર્મિત જિનપ્રસાદમાં પ્રભુજીને પધરાવવામાં આવ્યા. આ તીર્થની પ્રસિદ્ધિ સૈકાઓથી ખૂબ વ્યાપક બનેલી છે. સં. ૧૬૫૬માં કવિ નયસુંદરે "શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના છંદ"માં કંડારીના શ્રી ભીડભંજન પાર્શ્વનાથને પણ સ્તવ્યાં છે. સં. ૧૬૬૭માં કવિવર શાંતિકુશલે રચેલા "૧૦૮ નામ ગર્ભિત શ્રીગોડી પાર્શ્વનાથ તેમણે આ પ્રભુનું સ્મરણ કર્યું છે.

શ્રી કંસારી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર જિનાલય

ઠે.ખારવાડો, મુ. ખંભાત, જિલ્લો ઃ ખેડા.

૧૪. શ્રી ખંભાત તીર્થ - શ્રી રત્ન ચિંતામણી પાર્શ્વનાથ

ખંભાતની ઐતિહાસિકતા પર દૃષ્ટિપાત કરતાં અનેક યાદગાર પ્રસંગો ખંભાતની જાહોજહાલીની પરિચય આપી જાય છે. માણેકચોકમાં શ્રી રત્નચિંતામણિ પાર્શ્વનાથનું ગૃહમંદિર આવેલું છે. પ્રતિમાજી પંચધાતુના નાનકડા પણ મનોહર છે. પ્રતિમાજી પર સંવત ૧૬૮૧નો લેખ ઉત્કીર્ણ છે. લેખમાં આ પ્રભુજીનું શ્રી રત્ન પાર્શ્વનાથ નામ સૂચિત થયેલું છે. સં. ૨૦૦૧ના માગશર વદ ૧૦ને શનિવારે પૂ.આ. શ્રી નેમિસૂરીજીશ્વરજીના હસ્તે આ ગૃહમંદિરની પ્રતિષ્ઠા થઇ હતી. પંદરમા સૈકામાં થયેલાં શ્રી જિનતિલકસૂરિએ ‘‘ખંભાત ચૈત્ય પરિપાટી’’ની સ્થાપના કરેલી છે. ખંભાતના ૩૬ જિનાલયો હોવાનું  તેમણે નોધ્યું છે.

શ્રી રત્ન ચિંતામણિ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન ગૃહમંદિર

માણેકચોક, ખંભાત, જિલ્લો ઃ ખેડા, પીન નં ૩૮૮૬૦(ગુજરાત)

૧૫. શ્રી ખંભાત તીર્થ - શ્રી સોમ ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન

ઈતિહાસની જાજરમાન કેડી પરથી પસાર થઈને આજ અહીં સુધી પહોંચેલા ખંભાત પાસે ગૌરવવંતા ભૂતકાળના મોહક સંસ્મરણોની મબલક મૂડી છે. સંઘવીની પોળમાં શ્રી સોમચિંતામણી પાર્શ્વનાથનું મનોહર જિનાલય મનનું રંજન કરે છે. અંતરના ઓરડામાં સૌમ્યતાને શીતળ પ્રકાશ પાથરતા આ પ્રભુજીનું “શ્રી સોમ ચિંતામણિ” નામ સાર્થ છે. આ પ્રાચીન જિનાલયનો જિર્ણોદ્ધાર થતાં સં. ૧૯૯૦ માગસર સુદ ૧૧ સોમવારે પુનઃ પ્રતિષ્ઠા થઈ હતી. આ જિનાલય ‘‘પદ્માવતી દેરાં’’ તરીકે પ્રસિદ્ધ પામેલું છે. સં. ૧૮૮૧માં ઉત્તમ વિજયે ગાયેલા શ્રી પાર્શ્વપ્રભુના ૧૦૮ છંદમાં પણ શ્રી સોમ ચિંતામણિ પાર્શ્વ પ્રભુના નામનો ઉલ્લેખ થયેલો છે.

શ્રી સોમચિંતામણિ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તિર્થ

સંઘવીની પોળ મુ. ખંભાત (જિલ્લો ખેડા) ગુજરાત.

૧૬. શ્રી ખંભાત તીર્થ - શ્રી ભુવન પાર્શ્વનાથ ભગવાન

ખંભાતના ભોંયરા પાડામાં શ્રી ભુવન પાર્શ્વનાથનું જિનાલય છે. આ શ્રી નવખંડા પાર્શ્વનાથનું જિનાલય પ્રાચીન છે. “જયતિહુઅણસ્ત્રોત્ર” નામના પુસ્તકની પ્રસ્તાવનામાં શ્રીયુત ગિરધરલાલ હીરાભાઈએ ખંભાતના જિનાલયોની યાદી આપી છે. તેમાં તેમણે આ નવખંડા પાર્શ્વનાથને શ્રી ભુવન પાર્શ્વનાથ નામથી ઓળખાવ્યા છે. કૃષ્ણવર્ણના આ પ્રતિમાજી નયનરમ્ય છે. શ્યામ પાષાણનું પરિકર પ્રભુજીની શોભામાં અભિવૃદ્ધિ કરેછે. ભોંયરા પાડાના શ્રી પાર્શ્વનાથ જિનાલયે શ્રી હીરવિજય સૂરિના હસ્તે સં. ૧૬૩૬માં શ્રી અજિતનાથ બિંબની પ્રતિષ્ઠા થયાની માહિતી આપતો શિલાલેખ આ જિનાલયની પ્રાચીનતા પર પ્રકાશ પાડે છે. મૂળનાયક પ્રભુને

તે જ સ્થાને રાખી સં. ૨૦૨૭માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. ઉત્થાપિત કરેલા જિનબિંબોની પુનઃ પ્રતિષ્ઠા વૈશાખ સુદ ૧૧ને ગુરુવારે કરવામાં આવી હતી. વૈશાખ સુદ ૫ના પ્રતિષ્ઠા દિનને દિનને શ્રી સંઘ પ્રતિવષર્  ઉજવે છે.

શ્રી ભુવન (નવખંડા) પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ

ભોંયરા પાડો, મુ.ખંભાત, જિલ્લો ઃ ખેડા, પીન-૩૮૮૬૨૦.

૧૭. શ્રી ખેડા તીર્થ - શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાન

સતપુરુષોનું ‘નિષ્કારણ બંધુ’ નામ ઘણું યથાર્થ છે. અનેકોના જીવનમાં અધ્યાત્મના અજવાળા પાથરનાર શ્રી વિજયરાજ આચાર્ય એકદા ખેડા ગામ તરફ જઈ રહ્યા હતા. ખેડાથી પશ્ચિમમાં સરિતા તટે આવેલા હરિયાળા ગામ પાસેના એક વડ નીચે આચાર્ય બેઠા. એક સંતપુરુષ ગામની બહાર આવીને બેઠા છે તે જાણી સઘળા ગ્રામ્યજનો તેમની પાસે આવ્યા અને પૂ. આચાર્યશ્રીને ગામમાં પધારવા વિનવ્યા. ગ્રામ્યજનોની સરળતા અને પાત્રતો આચાર્યશ્રીએ પિછાણી લીધી. આ યોગ્ય જીવોને અનંત કલ્યાણની કેડી સમા જૈનધર્મનો પરિચય કરાવ્યો. પૂજ્યશ્રીની કલ્યાણકર વાણીનું અમૃતપાન કરી બોધ પામેલા આ ગ્રામ્યજનોએ શ્રાવકધર્મ સ્વીકાર કર્યો અને જિનેશ્વર પરમાત્માના પૂજન માટે ઉત્સુક બનેલા આ નૂતન શ્રાવકોએ જિનપ્રતિમાની માંગણી કરી, તેમની માંગણી સાંભળીને તુરંત પૂ. આચાર્યશ્રીએ પોતાની બેઠક નીચેની જગ્યા ખોદવા જણાવ્યું અને આ વટવૃક્ષ નીચે ખોદકામ કરતાં એક મનોહર જિનબિંબ પ્રાપ્ત થયું. આ પ્રતિમાના દિવ્ય સ્વરૂપને નિહાળીને આ શ્રાવકો આનંદ ઘેલા બન્યા. વટવૃક્ષ નીચેથી પ્રાપ્ત થયેલા આ પરમાત્મા તે જ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ. સંવત ૧૫૧૬ની સાલમાં પરમાત્માના પ્રાગટ્યની આ ઘટના બની હતી. નદી કિનારા પરની એક ટેકરી પર પરમાત્માને સ્થાપિત કરીને ત્યાં એક જિનપ્રાસાદનું નિર્માણ કરવામાં આવ્યું. આ પરમાત્માના લોકોત્તર પ્રભાવને જાણીને હરિયાળી ગામના ચાવડા રાજપૂતોએ પોતાની મિથ્યા માન્યતાની કંઠીઓ તોડી નાખી અને શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. . તે શ્રાવકો પછી શેઠ કહેવાયાં. શ્રી ભીડભંજન પાર્શ્વનાથ સંપ્રતિકાલિન છે.

શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ પેઢી, પટેલવાડો મુ. ખેડા જિલ્લો - ખેડા.

૧૮. શ્રી અમદાવાદ તીર્થ - શ્રી શામળા પાર્શ્વ

અમદાવાદ નગરે શામળાની પોળના શામળાના ખાંચામાં શ્રી શામળા પાર્શ્વનાથનું પ્રાચિન ભવ્ય દેરાસર તીર્થ આવેલું છે. સં. ૧૬૫૬માં મંત્રીશ્વર વસ્તુપાળના વંશજ સંઘવી સોમજી તથા તેમના ભાઈ શિવાએ આ

જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું. આ દેરાસરનું લાકડાનું કોતરકામ મુગ્ધ કરે તેવું છે. તીર્થંકર પરમાત્માના કલ્યાણક મહોત્સવમાં દ્રશ્યોને કલાત્મક રીતે લાકડમાં કોતરવામાં આવ્યા છે. આ મંદિરનું કાષ્ઠશિલ્પ કાષ્ઠશિલ્પ અજોડ છે. આ મંદિરના મેડા ઉપર આરસના પાર્શ્વનાથજી કાઉસ્સગ મુદ્રાએ સુંદર શોભે છે.

શ્રી શાળા પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ

ઠે-શામળાની પોળ-શામળાજીનો ખાંચો, મદનગોપાલની હવેલી પાસે, અમદાવાદ.

૧૯. શ્રી અમદાવાદ તીર્થ - શ્રી મુલેવા પાર્શ્વનાથ ભગવાન

અમદાવાદમાં રીલીફ રોડ પર આવેલા શ્રી આદિનાથ જિનાલયમાં વહેલી પરોઢથી રાત્રે મોડે સુધી રહેતી સતત ભીડ આ પ્રભુજી પરની અમદાવાદ વાસીઓની અપૂર્વ શ્રદ્ધાનું પ્રતિબિંબ પાળે છે. મૂળનાયક શ્રી આદિનાથજીની જમણી બાજુએ શ્રી'મૂલેવા  પાર્શ્વનાથ બિરાજમાન છે. આ પ્રભુના પરમ પ્રભાવના અનુભવો શ્રદ્ધાળુઓને અવારનવાર થયા કરે છે. પ્રભુજી અત્યંત મનોહર અને પ્રભાવક છે. કહેવાય છે કે સતત છ મહિના ધારણાપૂર્વક કોઈ આ પ્રભુજીનાં દર્શન કરી શકતુ નથી. અમદાવાદ ઇદલપુર નામની પરામા અમદાવાદ નિવાસી વિશા શ્રીમાળી જ્ઞાતિના શેઠ કુટુંબે પ્રાયઃ ૨૦૦-૩૦૦ વર્ષ પૂર્વે 'મૂલેવા પાર્શ્વનાથ'' ભગવાનનું મંદિર બંધાવ્યું હતું. એ હકીકત એક ચિરમુદ્રિત પુસ્તકના સ્તવનમાં ઉપલબ્ધ થાય છે. માટે એવી સંભાવના વ્યક્ત કરી શકાય કે તે મંદિર  કાળક્રમે અદૃશ્ય થતાં ત્યાંના મૂળનાયક પ્રભુજીને પાંજરાપોળમાં આવી બિરાજિત કરાયાં હોય.

શ્રી મોરૈયા(મુલેવા) પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન દેરાસર

શ્રી મોરૈયા પાર્શ્વનાથની ખડકી, પાંજરાપોળ, રીલીફરોડ, અમદાવાદ-૧, (ગુજરાત).

૨૦. શ્રી અમદાવાદ તીર્થ - શ્રી હ્રીંકાર પાર્શ્વનાથ ભગવાન

હ્રીં એક મંત્રબીજ છે. તેમાં ચતુર્વિંશતિ જિનેશ્વરની સ્થાપના છે. મંત્રશાસ્ત્રમાં ધ્યાન કરવા માટેહ્રીંર્ંકારના મધ્ય ભાગેથી પાર્શ્વનાથ પ્રભુના ધ્યાથી પદ્ધતિનું વર્ણન આવે છે. આવા પ્રતિમાજી કાળુશાની પોળના શ્રી સંભવનાથ જિનાલયના ભોંયરામાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની બાજુમાં બિરાજમાન છે. "હ્રીં" આકૃતિમાં સ્થાપિત આ પ્રભુજી હ્રીંકાર પાર્શ્વનાથ નામથી પ્રસિદ્ધ છે. આ ગભારાનો જીર્ણોદ્ધાર આ પોળના શ્રી સંઘે વિ.સં. ૨૦૨૦ના માગસર માસમાં શરૂ કર્યો. વિ.સં. ૨૦૨૧ના શ્રાણવ સુદ ૧૦ને શુક્રવારે પૂ. આગમપ્રજ્ઞ આચાર્ય દેવ શ્રી જંબુસૂરીશ્વરજી મ.ના હસ્તે પ્રતિષ્ઠા થઈ.

શ્રી હ્રીંકાર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ

શ્રી સંભવનાથજી શ્વેતાંબર મૂર્તિપૂજક જિનાલય,

કાળુશીની પોળ, કાળુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ (ગુજરાત).

૨૧. શ્રી અમદાવાદ તીર્થ - શ્રી સુખસાગર પાર્શ્વનાથ ભગવાન

દોશીવાડાની પોળમાં શ્રી સીમંધર સ્વામીની ખડકીની શ્રી સીમંધર સ્વામીનું ભવ્ય જિનાલય છે. મૂળનાયક શ્રી સીમંધર સ્વામીની ડાબી બાજુએ શ્રી સુખસાગર પાર્શ્વનાથજીની ધાતુની મનહર મૂર્તિ મુગ્ધ કરી દે છે. પરિકર યુક્ત આ સોહામણાં પ્રતિમાજી પંદરમાં સૈકાનાં છે. સં. ૧૬૬૫માં મહોપાધ્યાય કલ્યાણ વિજયજી ગણિવરના શિષ્ય "શ્રી ભટેવા પાર્શ્વનાથ સ્તવન"માં શ્રી સુખસાગર પાર્શ્વનાથને વંદના કરી છે.

શ્રી સુખસાગર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તિર્થ

શ્રી સીમંધર સ્વામીની ખડકી, દોશીવાડાની પોળ

અમદાવાદ-૩૮૦૦૦૧.(ગુજરાત)

૨૨. શ્રી નરોડા તીર્થ - શ્રી પદ્માવતી પાર્શ્વનાથ ભગવાન

અમદાવાદથી પૂર્વદિશામાં આવેલું નરોડા એ પૂર્વકાળની નિષધનગરી હોવાનું દંતકથા જણાવે છે. નળરાજાની આ નગરી હતી. અહીંની એક મહાદેવ મંદિરનું શિવલિંગ નળરાજાના સમયનું હોવાથી માન્યતા છે. નરોડામાં શેઠ હઠિસિંહ કેસરીસિંહે બંધાવેલું આ શિખરબંધ ભવ્ય જિનાલય સુંદર શોભે છે. આ જિનપ્રસાદના મૂળ નાયક શ્રી પદ્માવતી પાર્શ્વનાથ લોકોમાં શ્રી ગોડી પાર્શ્વનાથના નામથી વધુ પ્રસિદ્ધ છે. મૂળનાયક પ્રભુજી નાનકડા પણ મનોહર છે. આ પ્રભુજી જમીનમાંથી પ્રગટ થયા હતા. આ જિનપ્રાસાદની નિકટતા એક ટીબામાંથી મળી આવતા પ્રાચીન અવશેષો ત્યાં આ પૂર્વે પ્રાચીન અને ભવ્ય જિનપ્રસાદ અસ્તિત્વમાં હોવાનું અનુમાન કરાવે છે. અહીંની પદ્માવતી પૂજિત આ પાર્શ્વનાથ શ્રી પદ્માવતી પાર્શ્વનાથના નામથી ખ્યાતિ પામેલા છે.

શ્રી પદ્માવતી પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ

નરોડા બજાર, જિ. અમદાવાદ, પીન - ૩૮૨૩૨૫(ગુજરાત)

૨૩. શ્રી ટીંટોડી તીર્થ - શ્રી મુહરી પાર્શ્વનાથ ભગવાન

સાબરકાંઠા જિલ્લામાં ટીટોઈ ગામે આવેલું આ જિનાલય અતી પ્રાચીન મનાય છે. આ પ્રતિમાજી લગભગ ૨૫૦૦ વર્ષ પ્રાચીન હોવાનું મનાય છે. લબ્ધિનિધાન ગણધર મહારાજા શ્રીમદ્ ગૌમતસ્વામીજીએ અષ્ટાપદ પર્વત પર રચેલ 'જગચિંતામણી' ચૈત્યવંદનમાં મુહરી(પાર્શ્વ) દુહ દુરિઅ ખંડણ એ વાક્યથી જેમની સ્તુિતકરી છે. તે શ્રી મુહરી પાર્શ્વનાથ પ્રભુજીની ચમત્કારીક અને દેદીપ્યમાન મૂર્તિ ટીટોઈ નગરના આ ભવ્ય જીનાલયમાં છે. આ પ્રતિમાજી અહીંથી ૮ કિ.મી. દૂર શામળાજી નજીક આવેલ મેશ્વો સરોવરની પાળ પાસે દટાયેલ જિનમંદિરમાંથી સ્વપ્ન દ્વારા મળેલ છે. ટીટોઈ જૈન સંઘે વિ.સં. ૧૮૨૮માં ભગવાનને ગાદીનશીન કરેલ છે. શ્રી મુહરી પાર્શ્વનાથ જૈન તીર્થ

મુ.પો. ટીંટોઈ. તા ઃ મોડાસા, જિલ્લો ઃ સાબરકાંડા-૩૮૩૨૫૦

ફોન નં. ૦૨૭૭૪-૨૬૬૧૪૭/૨૬૬૮૫૦.

૨૪. શ્રી નાના પોશીના તીર્થ - શ્રી પોસીના પાર્શ્વનાથ ભગવાન

શ્રી પોશીના પાર્શ્વનાથનાં આ મનોહર પ્રતિમાજીના ઉદ્‌ભવને જાણવા અતીતની ગહનતામાં પ્રવેશ કરવો પડે છે. ૧૨ સૈકા પૂર્વેની વાત છે. એક તપોધન બ્રાહ્મણ ખેતર ખેડી રહ્યો હતો. અચાનક કંથેરના વૃક્ષઅટક્યું. કુતુહલ પ્રીય આ બ્રાહ્મણે તપાસ આદરી. ખોદકામ કરતા ૩૧ ઈંચ ઊંચા એક મનોહર પ્રતિમાજી પ્રાપ્ત થયાં. હર્ષઘેલો આ બ્રાહ્મણ ખેડૂત કૃષિકાર્યને વીસરીને આ પ્રતિમાજીના દર્શનનું અમૃતપાન કરવા લાગ્યો આ પવિત્રતાનો મહાપુંજ ખેતરમાં ન શોભે એમ વિચારી આ પવિત્ર જિનબિંબ બ્રાહ્મણે જૈન સંઘને સોંપ્યું. શ્રી સંઘ જિનાલયનું નિર્માણ કરાવી પ્રતિમાજીને તેમાં પધારાવ્યા. ત્યારબાદ પરમાર્હત્ કુમારપાળના સમયમાં નૂતન ભવ્ય જિનાલય બન્યું. કાળક્રમે અનેકવાર જીર્ણોદ્ધાર થતા રહ્યા. જિનાલયમાં રહેલા અન્ય જિનબિંબો પર વિ.સં. ૧૨૦૧થી સત્તરમી સદીના ઉતરાર્ધ સુધીના લેખો છે. અને શ્રી આણંદવિમલસૂરિ, શ્રી વિજયસિંહસૂરિ, શ્રી લક્ષ્મીસાગરસૂરિ, શ્રી વિજયહીરસૂરી અને શ્રી વિજયદેવસૂરી જેવા ભૂતકાળના મહાપ્રભાવક આચાર્ય ભગવંતોએ અહીં પ્રતિષ્ઠા કરાવ્યફાના ઉલ્લેખો પ્રાપ્ત થયા છે. આ તીર્થનો છેલ્લો જીર્ણોદ્ધાર પૂજ્યપાદ આચાર્ય દેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ના હસ્તેથી થયો હતો. અને તેઓશ્રીના વરદ હસ્તે મૂળનાયક સિવાય કેટલાંક શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૦૮ના પોષ વદ-૬ના મહોત્સવપૂર્વક થઈ. આ તીર્થ અત્યંત આહ્‌લાદક અને રમણીય બન્યું છે. ઈડરના જૈન સંઘની શેઠ આણંદજી મંગળજીની પેઢી આ તીર્થનો વહીવટ સંભાળે છે.

શેઠશ્રી આણંદજી મંગળજીની પેઢી

કોઠારીવાડા, મુ. ઈડર, જિ. સાબરકાંઠા પીન.૩૮૩૪૩૦.

૨૫. શ્રી મોટા પોશીના તીર્થ - શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથ ભગવાન

કહેવાય છે કે મોટા પોસીના ગામમાં વિક્રમની તેરમી સદીમાં અહીં એક મોટા વૃક્ષની નીચે ભૂગર્ભમાંથી આ પ્રતિમા પ્રયટ થઈ હતી. શ્રી કુમારપાળ રાજાએ મંદિરનુ નિર્માણ કરાવી આ પ્રભુ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી એવી લોકવાયકા છે. કોઈપણ સંઘ આવવાનો હોય ત્યારે મંદિરની ધજા દંડને વિંટાઈને સંકેત આપે છે. વિક્રમની સત્તરમી સદીમાં આચાર્ય વિજયદેવસૂરીજીના હસ્તે પુનઃ જિર્ણોદ્ધાર થવાનો ઉલ્લેખ છે. તારંગાજીની તળેટીમાં મોટા તેમજ નાના પોસીના બંને તીર્થોમાં ખૂબ જ શાંતિમય વાતાવરણ છે.

શ્રી મોટા પોસીનાજી જૈન શ્વેતાંબર મૂર્તિપુજક દેરાસર ટ્રસ્ટ

પોસ્ટ ઃ મોટા પોસાના - ૩૮૩૪૨૨ તાલુકા ઃ ખેડબ્રહ્મા, જિલ્લો ઃ સાબરકાંઠા,

રાજ્ય ઃગુજરાત ફોન નં.૦૨૭૭૫-૨૮૩૪૭૧, ૨૮૩૩૩૦(પી.પી.ટ્રસ્ટી)

૨૬. શ્રી વિજાપુર તીર્થ - શ્રી સ્કુલિંગ પાર્શ્વનાથ ભગવાન

આ અભિનવ તીર્થનું નિર્માણ થોડાં વર્ષો પહેલાં આચાર્યદેવશ્રી મ.સા.નું ગુરુમંદિર છે. એક વિશાળ જ્ઞાનભંડાર છે. આશરે ૬૦૦૦ હસ્તપ્રતો છે. ૪૫ આગમ તાડપત્રમાં છે. ભવ્ય વિશાળ ધર્મશાળા છે, ભોજનશાળા છે. અહીં ઉપાશ્રયો બે છે. યાત્રિકો આવે છે, અને વ્યવસ્થા સારી છે.

શ્રી સ્કુલિંગ પાર્શ્વનાથ ભગવાની શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરી જૈન સમાધિ મંદિર

મુ. વીજાપુર, જિલ્લો ઃ મહેસાણા ઃ રાજ્ય ઃ ગુજરાત

ફોન નં ઃ ૦૨૭૬૩-૨૦૨૦૯.

૨૭. શ્રી વિહાર તીર્થ - શ્રી નાગફણા પાર્શ્વનાથ ભગવાન

શ્રી નાગફણા પાર્શ્વનાથ તીર્થ વિહારગામ પૂર્વે બીજા નામથી ઓળખાતું. જૂનું ગામ પડી ભાંગતાં તે જ સ્થળે નવું ગામ વસ્યું. આ નવું વસેલું ગામ વિહારના નામથી ઓળખાય છે. નાગરાજેશ્રી પાર્શ્વપ્રભુને પોતાની ફણાનું છત્ર ધરેલું હોવાથી શ્રી પાર્શ્વપ્રભુનું નાગફણા નામ પ્રસિદ્ધિ પામ્યું. અનેક પ્રાચીન રચનાઓમાં

'નાગફણા' નામનો નિર્દેશ જોવા મળે છે. આ નાગફણા પાર્શ્વનાથનાં આ પ્રતિમાજી સંવત ૧૮૭૩ની સાલના હોવાનું કહેવાય છે, આ દેરાસર સં. ૧૯૮૬ની સાલમાં શ્રી સંઘે બંધાવીને પરમાત્માને ગાદી નશીન કર્યા. મહા સુદ-૫નો પ્રતિષ્ઠા દિન શ્રી પ્રતિવર્ષ ઊજવે છે.

શ્રી નાગફણા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન દેરાસર ટ્રસ્ટ

મુ.પો.વિહાર, તા. વિજાપુર જિલ્લો ઃ મહેસાણા(ઉ.ગુ.)

૨૮. શ્રી વિસનગર તીર્થ - શ્રી કલ્યાણ પાર્શ્વનાથ ભગવાન

વિસનગર પ્રાચીન શહેર છે. ત્રણ મહલાના આ પ્રાચીન જિનાલયમાં મૂળાયક તરીકે શ્રી કલ્યાણક પાર્શ્વનાથજી બિરાજમાન છે. આ પ્રતિમાજી નજીકના શહેર મહેસાણાના કુવામાંથી મળી આવી છે. વીસનગરના પોરવાડ શ્રાવક શ્રી ગુલાબચંદ શેઠ દ્વારા બંધાયેલા આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૮૬૩ના ફાગણ સુદ-ના રોદ થયેલ તે પહેલાં અહીં પ્રાચીન જિનાલય હતું. જિનાલયના બીજે માળે શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથજી તથા ત્રીજે માળે શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. જિનાલયને ફરતે ભમતીના દર્શન પણ થઈ શકે છે. આ ઉપરાંત કાજીવાડામાં શ્રી અનંત જિનાલય. વ. દર્શનિય છે.

શ્રી વિસનગર શ્વે. મૂ. જૈન સંઘ

શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જિનાલય, મુ.પો. વિસનગર, જિલ્લો ઃ મહેસાણા, રાજ્ય ઃ ગુજરાત.

૨૯. શ્રી મહેસાણા તીર્થ - શ્રી મનોરંજન પાર્શ્વનાથ ભગવાન

મહેસાજી રાજાએ વસાવેલી પ્રાચીન નગર મહેસાણા કે જ્યાં મનોરંજન પાર્શ્વનાથ પ્રભુજીનું પ્રાચીન જિનાલય શોભી રહ્યું છે. વિશાળ જિનાલય ત્રણ રંગમંડપ તેમજ બે માળનું જિનાલય છે. આ ઉપરાંત અન્ય ૧૪ જિનાલયો આ નગરમાં શોભી રહ્યા છે. પંડિતોને તૈયાર કરીને ઉચ્ચ શિક્ષણ આપણી વેણીચંદ સૂરચંદ સંચાલિત પ્રસિદ્ધ મહેસાણા યશોવિજય સંસ્કૃત પાઠશાળા પણ આ પ્રાચીન નગરમાં છે. મંદિરના પ્રાંગણમાં જ દરેક પ્રકારની સગવડવાળી વિશાળ ધર્મશાળા છે. અહીં ભોજનશાળા તથા અલ્પાહારની પણ સગવડ છે. ગામમાં પણ ધર્મશાળા તથા ભોજનશાળા છે.

શ્રી મહેસાણા શ્વેતામ્બર મૂ. જૈન સંઘ, મેઈન સ્ટેશન રોડ, પોઃ મહેસાણા - ૩૮૪૦૦૨, રાજ્ય ઃ ગુજરાત ફોન. ૦૨૭૬૨-૨૫૧૬૭૪.

૩૦. શ્રી સિદ્ધપુર તીર્થ - શ્રી સુલતાન પાર્શ્વનાથ ભગવાન

આ પાર્શ્વનાથ ભગવાનના નામનિક્ષેપની ભીતરમાં પ્રવેશ કરતાં મસ્લિમ બાદશાહ અલાઉદ્દિન ખીલજીની ધર્મધ્વંસની અઢળક પ્રવૃત્તિઓ દૃષ્ટિ સમક્ષ ઉપસ્થિત થાય છે. મંદિરો અને પ્રતિમાઓના સર્વનાશને ઝંખતો અલાઉદ્દિન આ મનોહર પ્રતિમાજીને તોડવા પણ ઉત્સુક બન્યો. ત્યારે તે સમયે જિનમંદિરમાં ભક્તિ કરતા ભોજકોએ બાદશાહને બે હાથ જોડી વિનંતી કરી. “તમારા શસ્ત્રનું લક્ષ આ પ્રતિમાને ન બનાવતા આ કોઈ પથ્થર નથી. પણ સાક્ષાત પરમકૃપાળુ પરમેશ્વર છે.” ભોજકોની અશ્રુભીની વાણીથી સહજ થંભી ગયેલા બાદશાહ પ્રતિમાના પરમેશ્વરપણાનું પ્રમાણ માગ્યું શ્રદ્ધાનો મહાનલ પ્રગટાવીને આ ભોજકોએ સંગીતના સૂર વહેતા મૂક્યા. દીપક સંગે જાદુ કર્યો. ધૃત પૂરીને રાખેલા ૯૯ દીપક સ્વયં પ્રગટી ઊઠ્યા. સ્વયં પ્રગટેલા આ દીપકોનું આશ્ચર્ય શમ્યું નથી. ત્યાં જ એક સર્પ પ્રગટ થઈ સુલતાન સામે આવી બેઠો. પ્રતિમાનો પ્રચંડ વિરોધી પ્રતિમાના આ પ્રભાવ જાણી લજ્જિત બન્યો “આ દેવ તો બાદશાહનો પણ બાદશાહ સુલતાન છે.” એમ બોલીને પ્રતિમાને તોડ્યા વગર અલાઉદ્દિન પાછો ફર્યો તે દિવસથી આ પ્રભુજીની આગળ ‘સુલતાન’નું વિશેષણ ચિરસ્થાયી બની રહ્યું. આ ‘સુલતાન’ નામની ભીતરમાં ભોજકોની અખૂટ શ્રદ્ધા વૈભવ અને અપૂર્વ શાસન ભક્તિ છૂપાયેલ છે. આ પ્રતિમાજી સંપ્રતિકાલીન છે.

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

મુ.પો. તા. સિદ્ધપુર જિ. મહેસાણા પીન - ૩૮૪૧૫૧.

૩૧. શ્રી ધોતાસકલાણા તીર્થ - શ્રી ડોસલા પાર્શ્વનાથ ભગવાન

ધોતા-સકલાણા ગામના શ્રી ડોસલા પાર્શ્વપ્રભુ શ્રી દોહ્યલા પાર્શ્વનાથના અપર નામથી પણ ઓળખાય છે. સંભવિત છે કે, પૂર્વકાળમાં આ પ્રતિમાજીનાં દર્શન ઘણા દુલર્ભ હશે. તેથી કદાચ આ પરમાત્મા શ્રી દોહ્યલા પાર્શ્વનાથના નામથી પ્રસિદ્ધ બન્યા હશે. તે સિવાય આ પરમાત્માના આવા વિશિષ્ટ નામની ભીતરમાં કોઈ ઘટના કે કથા સાંભળવામાં આવી નથી. આ પ્રતિમાજી સંપ્રતિ કાળનાં છે. પ્રતિમાજીનું અનુપમ સૌંદર્ય નયનોને દર્શનનું ઘેલું લગાડી દે છે. આ જિનાલય સંવત ૧૮૮૦માં શ્રી સંઘે બંધાવેલું છે. દર વર્ષે કાર્તિક સુદ ૧૫નો અહીં મેળો ભરાય છે. બનાસકાંઠા જિલ્લાનું આ અજ્ઞાત તીર્થ ખરેખર દર્શનીય છે.

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

મુ.પો. ધોતા-સકલાણા, જિલ્લો ઃ બનાસકાંઠા(ગુજરાત)

૩૨. શ્રી પાલનપુર તીર્થ - શ્રી પલ્લવીયા પાર્શ્વનાથ ભગવાન

સુપ્રસિદ્ધ સણકપુર તીર્થના પ્રતિષ્ઠાચાર્ય સોમસુંદરસૂરીશ્વરજી મ.સા. તથા અકબર પ્રતિબોધક આચાર્યદેવશ્રી હીરસૂરીશ્વરની મ.સા.ની જન્મભૂમિ તરીકેનું ગૌરવ ધરાવતું, પાલનપુર નગર વિક્રમની તેરમી સદીમાં આબુ પ્રદેશના પરમાર વંશના રાજા પ્રહલાદે વસાવેલું છે. પ્રહલાદ રાજાને દેવ મૂર્તિની આશાતનાથી કોઢ રોગ થયો તેને દૂર કરવા શાલિભદ્રસૂરિ નામના જૈનાચાર્યે પાર્શ્વપ્રભુનું મંદિર બનાવી તે પ્રતિમાનું ન્હવણજળ શીરીરે લગાડવાનું કહ્યું પરિણામે રાજાનો કોઢ રોગ દૂર થયો. અહીં મૂળનાયક પલ્લવીયા પાર્શ્વનાથજીનું બે માળનું વિશાળ જિનમંદિર અતિ અભ્ય છે. માળ ઉપર શાંતિનાથ પ્રભુ તથા શિતળનાથ પ્રભુની પ્રાચીન પ્રતિમાજીઓ છે અહીંના ઝવેરીઓએ આખા વિશ્વમાં હિરાના ધંધાનો વિકાસ સાધ્યો છે અને નામના મેળવી છે.

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, શ્રી પલ્લવિયા પાર્શ્વનાથ

જૈન શ્વે.મંદિર, હનુમાન શેરી, પોસ્ટ ઃ પાલનપુર ઃ ૩૮૫૦૦૧

જિલ્લો ઃ બનાસકાંઠા, રાજ્ય ઃ ગુજરાત. ફોન નં. ૦૨૭૪૨-૨૫૩૭૩૧.

૩૩. શ્રી ભીલડિયાજી તીર્થ - શ્રી પાર્શ્વનાથ ભગવાન

ઉત્તર ગુજરાતનું અતિ પ્રાચીન આ તીર્થ બાવન જિનાલય ખરેખર દર્શનીય છે. પૂર્વકાળમાં ભીમપલ્લી નગર હતું અને સંપ્રતિરાજાના હાથે પ્રભુ પ્રતિષ્ઠા થયેલ હોવાનું મનાય છે. શ્રી કપિલકેવલીના પુણ્ય સાનિધ્યમાં પ્રભુ પ્રતિષ્ઠા થવાનો ઉલ્લેખ મળે છે. બે હજાર વર્ષ પહેલાની સમૃદ્ધિનો વારસો ધરાવતું આ નગર વિનાશ પામ્યું તે સમયે જીર્ણમંદિરના ભોંયરામાં પ્રતિમાજી સુરક્ષિત હતા સરિયદ ગામના શ્રાવકોએ પ્રભુજીએ ખસેડવા પ્રયત્ન કર્યો ત્યારે જ ગલી ભમરાઓ ઉડ્યા હતા અને દૈવીશક્તિની પ્રતિમાજી મોટા થતા ગયા હતા. આ પ્રકોપથી ફરીથી પ્રતિમાજીની તે જ આચાર્યશ્રી ભદ્રસૂરિશ્વરજીના સુહસ્તે સંપન્ન થયો.

શ્રી ભીલડિયાજી પાર્શ્વનાથ જૈન દેરાસર તીર્થ પેઢી

પોસ્ટ ઃ ભીલડી ઃ ૩૮૫૫૩૦, જિલ્લો ઃ બનાસકાંઠા, રાજ્ય ઃ ગુજરાત

ફોન નં ઃ (૦૨૭૪૪) ૨૩૩૧૩૦-(૦૨૮૩૬)232516

૩૪. શ્રી ઉંબરી તીર્થ - શ્રી આનંદા પાર્શ્વનાથ ભગવાન

બનાસકાંઠા જિલ્લાનું આ તીર્થ બહુ પ્રાચીન જણાતુ નથી. પણ શ્રી આનંદા પાર્શ્વનાથનાં પ્રતિમાજી પ્રાચીન હોવાનું માનવું સુસંગત છે. અનેક પ્રાચીન રચનાઓમાં શ્રી પાર્શ્વનાથના 'આનંદા' નામનો ઉલ્લેખ મળે છે. ઉંબર ગામમાં વિ.સં. ૧૯૦૪ની સાલમાં આ ઘુંમટબંધ જિનાલય બંધાવી પરમાત્માને ગાદીનશીન કરવામાં આવ્યા. ત્યાર બાદ સં. ૨૦૧૪ની સલામાં તે જિનાલયનો જિર્ણોદ્ધાર થયો. અને સં.૨૦૧૪ના મહાવદ ૭ ના શુભ દિને પૂ. આ. શ્રી જંબુસૂરીશ્વરજી મ.સા.ના પુનિત હસ્તે આ જિનાલયની પ્રતિષ્ઠા કરવામાં આવી.

શ્રી શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘ

મુ. ઉંબરી, તાલુકો ઃ કાંકરેજ જિલ્લો ઃ બનાસકાંઠા

૩૫. શ્રી ચારૂપ તીર્થ - શ્રી ચારૂપ પાર્શ્વનાથ ભગવાન

કાળના કેટલાય થરો ઓળંગીને ગત ચોવીસીના ૧૬મા તીર્થંકર શ્રી નેમિનાથના શાસનકાળમાં પહોંચીએ ત્યારે ત્યાં શ્રી ચારૂપ પાર્શ્વનાથપ્રભુનું ઉદ્‌ગમ સ્થાન પ્રાપ્ત થાય છે. શ્રી નેમિનાથ તીર્થંકરના શાસન ૨૨૨૨ વર્ષોના વહાણાં વીતી ગયાં હતાં ત્યારે ગૌંડદેશના અષાઢી નામના શ્રાવકે ત્રણ મનોહર પ્રતિમાનું નિર્માણ કરાવ્યું ચારૂપમાં બિરાજીને દર્શનાર્થીના હૃદયને ડોલાવી દેતા શ્રી પાર્શ્વનાથના મનોહર પ્રતિમાનું નિર્માણ કરાવ્યું ચારૂપમાં બિરાજીને દર્શનાર્થીના હૃદયને ડોલાવી દેતા શ્રી પાર્શ્વનાથના મનોહર પ્રતિમાજી આ અષાઢી શ્રાવકે આપેલા ત્રણ વારસામાંથી એક છે. કાળની કિતાબનાં પાનાં ફરતાં ગયાં. એકદા કાંતિનગરના ધન શ્રેષ્ઠીનું વહાણ અચાનક સમુદ્રમાં થંભી ગયું. આ કોઈ દૈંવીચેષ્ટા છે. તેમ જાણીને શ્રેષ્ઠીએ પૂજા દ્વારા દેવને પ્રત્યક્ષકર્યો. તે ભૂમિમાં ગુપ્તપણે રહેલાં ત્રણ મનોહર જિનબિંબોના પ્રગટકરણને ઝંખતા દેવાત્માની આ ચેષ્ટા સપ્રયોજન હતી. દૈવી સહાયથી ધન શ્રેષ્ઠીએ ત્રણ બિંબોંને બહાર આણ્યાં. આ ત્રણેમાંના એક પ્રતિમાજીનેરૂપ ગામમાં પધરાવીને તીર્થની પ્રતિષ્ઠા કરી. અહીં કારતક વદ ૧ના દિવસે મોટો મેળો ભરાય છે. આખું પાટણ દર્શનાર્થે ઉમટે છે અને ગામે ગામથી યાત્રાર્થીઓ પધારે છે. જેઠ સુદ પનો દિવસ અહીં ખૂબ મહિમા છે.

શ્રી ચારૂપ પાર્શ્વનાયજી મહાતીર્થ કારખાના,

મુ.પો. ચારૂપ, જિલ્લો ઃ પાટણ. (ઉત્તર ગુજરાત)

૩૬. શ્રી પાટણ તીર્થ - શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાન

જિનાલયોની નગરી પાટણના ગૌરવસમું શ્રી પંચાસરા જિનાલય પાટણના સ્થાપક શ્રી વનરાજ ચાવડાએ પોતાના ગુરુ શિલગુણસુરીના આદેશને મા આપી બંધાવ્યું હતું. ઐતિહાસિક મંદિર પાટણના ઈતિહાસ સાથે સંકળાયેલું છે.નાગેન્દ્રગચ્છના જૈનાચાર્ય શ્રી શીલગુણસુરીએ વનરાજને શૈશવમાં શૌર્ય અને સંસ્કારનાં પીયુષપાન કરાવીને વીર બનાવ્યો હતો. બાલ્ય કાળમાં વનરાજને આશ્રય આપનારા આચાર્ય ભગવંતે તેનું પાલન અને ઘડતર કર્યું હતું. ચાવડા વંશનો આ બાહોશ અને શૂરવીર રાજપુત્ર કાળે કરીને રાજવી બન્યો. વલ્લભીપુર અને ભિન્નમાલના પતન પછી અને સંસ્કાર વારસો સાચવી શકે એવી તીર્થ ભૂમિની શોધ કરનારા ચાવડા વંશના પરાક્રમી રાજા વનરાજની દૃષ્ટિ અણહિલ ભરવાડે સૂચવેલા 'લાખારામ' ગામની ધરતી ઉપર પડી. સરસ્વતીના નિર્મળ નીરથી પાવન બનેલી એ ધરા ઉપર વિ.સં. ૮૦૨માં વૈશાખ સુદ ૩ને સોમવારે જૈન મંત્રોચ્ચાર પૂર્વક પાટણ નગરીની સ્થાપના થઈ. ઉત્કર્ષના દ્વારા આવીને ઉભેલા કૃતજ્ઞચૂડામણિ વનરાજને પોતાના ઉત્કર્ષના મૂળમાં બેઠાલ જૈનાચાર્ય શ્રી શીલગુણસૂરીના ઉપકારોની સ્મૃતિ થઈ. પૂજ્ય પદશ્રીના ચરણોમાં તેણે રાજ્યની સમૃદ્ધિ ધરી દીધી. દુનિયાની તુચ્છ સમૃદ્ધિ છોડીને આત્માના વૈભવને પામેલા સાધુ બનેલા આ સૂરિ પુગંવ નિઃસ્પૃહ શિરોમણિ હતા. કૃતક્ષતા અને નિઃપસ્પૃહતાનો એક મીઠો કલહ ઉપસ્થિત થયો. આ કલહના સમાધાન સ્વરૂપ એક ભવ્ય જિનાલયનું નિર્માણ પાટણની સ્થાપના બાદ થોડા જ સમયમાં થયું. આ ભવ્ય જિનાલયમાં ત્રેવીસમા તીર્થપતિ શ્રી પાર્શ્વનાથના મનોહર જિનબિંબને પંચાસરથી લાવીને પ્રતિષ્ઠિત કરવામાં આવી. સ્થાપિત કરી. આ જિનાલયના ફરતે ૫૧ દેરીઓ બનાવેલી છે. ભમતીમાં આરસના કુલ ૨૧૮ પ્રતિમાજી તથા. ધાતુની ૨૬ પ્રતિમાજી બિરાજમાન છે. આ જિનાલય જ જગવિખ્યાત આબુના દેલવાડા દેરાંઓની ભવ્ય કલાનું સ્મરણ કરાવે છે.

શ્રી પંચાસરા પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન દેરાસર ટ્રસ્ટ

હેમચંદ્રાચાર્યરોડ, પીપળાની શેરી, જિ. મહેસાણા, પાટણ-૩૮૪૨૬૫.

૩૭. શ્રી પાટણ તીર્થ - શ્રી કોકા પાર્શ્વનાથ ભગવાન

પાટણમાં ચાતુર્માસાર્થે પધારેલા આ.શ્રી. હેમચંદ્રસૂરી મહારાજ નિત્ય ગીમટામાં (ધૃત વસતિમાં) જઈને ભવ્ય જીવોના જીવન ઉદ્યાનમાં જિણવાણીનું ચિંતન કરતા. નિત્યક્રમ અનુસાર વ્યાખ્યાનાર્થે પધારેલા આચાર્યદેવોને એકદા પૂજારીએ મના કરી કારણ બલિ બાકળા દ્વારા પૂર્વજોનાં શ્રદ્ધા પૂજન કરાવાનો એ દિવસ હતો, શ્રાદ્ધ વિધિના મંડાણ માટે જગ્યાને રોકી લીધી પછી વ્યાખ્યાન ક્યાં બેસાડે ? નિયમિત ચાલતા વ્યાખ્યાનમાં ભંગ ન પડે માટે થોડા સમય માટે પણ જગ્યા આપવા પૂજારીને સમજાવવાના બધા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. પરમાર્થવ્યસની આચાર્ય ઉપદેશનું દાન કર્યા વગર જ પાછા ફરે તે સમસ્ત જૈન સંઘનું

હડહડતું અપમાન હતું. એક પરદર્શનીની આ દ્વેષ જનિત શાસન હીલનાને પાટણના શાસન ભક્ત શ્રેષ્ઠીએ કેવી રીતે બરદાસ્ત કરે? ગીમટાની બાજુમાં જ નૂતન જિનાલયનું નિર્માણ કરવા માટે યોગ્ય જગ્યાની શ્રી સંઘે શોધ ચલાવી અને પૂજારીની શરમ અને ધમકીને અવગણીને કોકા નામના શેઠે શ્રીસંઘને જિનાલય માટે પોતાની જગ્યા આપી. પૂજારીના એ વર્ચસ્વ કાળમાં પણ આટલું સત્વ દાખવનાર કોકા શેઠની જગ્યા ત્રણ ગણું મૂલ્ય ચૂકવીને શ્રી સંઘે કદર કરી. અને કોકા શેઠના નામને ચિંરજીવ બનાવવા જિનાલયની સાથે તેમનું નામ જોડવાનો નિર્ણય થયો. ધૃત વસ્તિની બાજુમાજ ‘કોકા વસતિ’નામનું મનોહર જિન ચૈત્ય બન્યું. શ્રીસંઘે ત્રેવીસમાં તીર્થપતિ શ્રી પાર્શ્વનાથ પ્રભુને નૂતન જિનાલયમાં પધરાવ્યા. નિત્ય નિત્ય ત્રિકાળ પૂજાતા પ્રભુજી ‘શ્રી કોકા પાર્શ્વનાથ’ તરીકે પ્રસિદ્ધ થયા.

શ્રી કોકા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન દેરાસરજી

કોકાનો પાડો, મુ.પો. પાટણ, (ઉત્તર ગુજરાત) પીન ઃ ૩૮૪૨૬૫.

૩૮. શ્રી પાટણ તીર્થ - શ્રી કંકણ પાર્શ્વનાથ ભગવાન

પાટણના ઢંઢેરવાડામાં બિરાજતા આ પાર્શ્વપ્રભુ ‘‘કંકણ’’ અને ‘‘વીછીયા’’ સિવાયના ત્રીજા જ નામથી વધુ પ્રચલિત છે. વર્તમાનમાં સહુ તેમને ‘‘કલિકુંડ પાર્શ્વનાથ’’ના નામથી ઓળખે છે. ‘પ્રભુ તારા નામ છે, હજાર કયા નામે લખવી કંકોત્રી ?’’ આવી એક મીઠી મૂંઝવણ ભક્તના હૈયામાં ઉદ્‌ભવે તે સહજ છે. આ અલૌકિક પ્રતિમાજી સંપ્રતિકાલીન મનાય છે. વર્તમાન જિનાલય સંવત ૧૭૦૦ની આસપાસમાં શ્રી સંઘ બનાવેલું છે. માગસર સુદ-રના પ્રતિષ્ઠાદિનની શ્રી સંઘ પ્રતિવર્ષ ઉજવણી કરે છે. સં. ૧૮૮૧ના ફાગણ વદ-રના દિને પં. ઉત્તમ વિજયે રચેલા “શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતના છંદ”માં પણ કંકણ પાર્શ્વનાથનું નામ મળે છે.

શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર જિનાલય

સી/ઓ. શ્રી ઢંઢેરવાડા મહોલ્લા પ્રોપર્ટી ટ્રસ્ટ, મુ.પો.પાટણ, પીન ઃ ૩૮૪૫૬૫.

૩૯. શ્રી પાટણ તીર્થ - શ્રી મહાદેવા પાર્શ્વનાથ ભગવાન

આ પાટણનગરની ખેતરવસીમાં મહાદેવા શેરીમાં શ્રી મહાદેવા પાર્શ્વનાથનું ભવ્ય ધાબાબંધ જિનાલય આવેલું છે. આ પ્રતિમાજી કે જિનાલયને પ્રાચીનતા અંગે કોઈ વિશેષ માહિતી પ્રાપ્ત થઈ શકી નથી.
‘‘મહાદેવ’’નામની ભીતરમાં પહેલું રહસ્ય પણ પકડી શકાયું નથી. ભક્તના દૈવને ચમકાવીને ભાગ્યવાન

બનાવી યાવત્ 'ભગવાન' પદ સુધી પહોંચાડનારા આ દેવ 'મહાદેવ' કહેવાય તેમાં શું આશ્ચર્ય ? આ જિનરાયાના વૈશાખ સુદ ૧૦ના પ્રતિષ્ઠા દિનની શ્રી સંઘ પ્રતિવર્ષ ઉજવણી કરે છે.

શ્રી મહાદેવા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ

ખેતરવસી, મુ.પો. પાટણ(ઉ.ગુ) પીન નં. ૩૮૨૪૬૫.

૪૦. શ્રી પાટણ તીર્થ - શ્રી કંબોઈયા પાર્શ્વનાથ ભગવાન

ધીયાના પાડામાં બિરાજતા આ પાર્શ્વપ્રભુ બબ્બે નામથી ઓળખાય છે. શ્રી કંબોઇયા પાર્શ્વનાથ અને ધીયા પાર્શ્વનાથના નામથી આ પાર્શ્વપ્રભુ પ્રખ્યાત છે. આ પાર્શ્વનાથ નામ એકવેપારીના અખૂટ શ્રદ્ધાબળનું સૂચક પાટણનો એક ઘીનો વેપારી શ્રી પાર્શ્વપ્રભુની અર્ચના કરતો. આ ભક્તિના પ્રભાવે તેનું ભગ્ય ચમકી ઊઠ્યું. ઘીના વેપારમાં તે અત્યંત ધન કમાયો. ઘીના વેપારીમાંથી એકત્ર કરેલી સંપત્તિમાંથી તેણે તેના આરાધ્યદેવ શ્રી પાર્શ્વપ્રભુને બિરાજમાન કર્યા. આ પાર્શ્વપ્રભુને લોકો શ્રી 'ધીયા પાર્શ્વનાથ' તરીકે ઓળખવા લાગ્યા.

શ્રી કંબોઈયા (ધીયા) પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર દેરાસરજી

ધીયાનો પાડો, મુ.પો. પાટણ, પીન નં.384265

૪૧. શ્રી પાટણ તીર્થ - શ્રી ધીંગડમલ્લ પાર્શ્વનાથ ભગવાન

જોગીવાડાના આ શામળા પાર્શ્વનાથ પ્રભુ એ જ ધીંગડમલ્લ પાર્શ્વનાથ છે. તેમની પ્રતીતિ ૧૮મી સદીમાં રચાયેલા કવિ ઉદયરત્ન કૃત "શ્રી શામળા પાર્શ્વનાથ સ્તવન" પરથી થાય છે. "જોગીવાડે જોગતો ને-માતો ધીંગડમલ્લ શામળો સૌહામણો-કંઈ જીત્યા આઠે મલ્લ. પ્યારા પાર્શ્વજી હો લાલ, દીન દયાળ મુજને નયને નિહાળ." આઠ કર્મો રૂપી મોહ મલ્લો સામે ધીંગાણું મચાવીને વિજય પ્રાપ્ત કરનાર અને ભક્ત જનોને પણ વિજય પ્રાપ્ત કરાવી આપનાર આ પાર્શ્વપ્રભુનું "ધીંગડમલ્લ" નામ સાર્થક છે. શ્યામવર્ણનાં આ પ્રતિમાજી 'શામળા પાર્શ્વનાથ'' તરીકે પણ પ્રસિદ્ધ છે. સંવત ૧૮૮૧માં પં. ઉત્તમવિજયે રચેલા ''શ્રી પાર્શ્વપ્રભુના ૧૦૮ નામના છંદ"માં તેમણે શ્રી ધીંગડમલ્લ પાર્શ્વપ્રભુનો પણ નામ નિર્દેશ કરેલો છે.

શ્રી શામળા ધીંગડમલ્લ પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર તીર્થ

જોગીવાડો, મુ.પોસ્ટ ઃ પાટણ, ગુજરાત પીન ઃ ૩૮૪૨૬૫.

૪૨. શ્રી પાટણ તીર્થ - શ્રી વાડી પાર્શ્વનાથ ભગવાન

સં. ૧૬૪૮ના વાડીપુરમાં અમીઝરા પાર્શ્વનાથ નામથી ઓળખાતી મૂર્તિને ૪ વર્ષબાદ કોઈ કારણસર પાટણમાં લાવીને શા.કુંવરજીએ બંધાવેલ ઝવેરવાડાના મંદિરમાં બેસાડવામાં આવી અને વાડીપુરથી લાવ્યફા હોવાથી તે "વાડીપુર પાર્શ્વનાથ" તરીકે પ્રસિદ્ધ પામી હોય તેમ મનાય છે. પ્રતિમા મૂર્તિ તો સંપ્રતિકાલિન જણાય છે. વાડી પાર્શ્વનાથનું મંદિર બંધાવનાર શ્રેષ્ઠી કુંવરજીએ જ બંધાવેલ એક મોટી પૌષધશાળા આ મહોલ્લામાં હતી. તેથી જ તે સમયમાં આ મહોલ્લાનું નામ 'વાડી પોષધશાળાનો પાડો'' હશે. સં. ૧૯૬૪માં આ જિનાલયનો જીર્ણોદ્ધાર થયો હતો.

શ્રી વાડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ

ઠે.પાટણ, (ઉ.ગુ.)પીન ઃ ૩૮૪૨૬૫.

૪૩. શ્રી પાટણ તીર્થ - શ્રી નારંગા પાર્શ્વનાથ ભગવાન

પાટણના ઝવેરીવાડામાં બિરાજતા શ્રી નારંગા પાર્શ્વનાથનાં ભવ્ય પ્રતિમાજી પ્રાચીન છે. દર્શકના નયનમાં અને હૃદયમાં ચિરકાલીન શીતલતા પ્રસરાવતું પરમાત્માનું વદન ચંદ્રની ઉપમાને ધારણ કરે છે. પરમાત્માના મુખારવિંદ પરની અજબ તેજપ્રભા સૂર્ય કરતાં પણ ચડિયાતી છે. સં. ૧૭૨૯માં શ્રી નારંગા પાર્શ્વનાથનું જિનાલય 'ભુજબળ શેઠના દેરાસર' તરીકે ઓળખાતું હતું. પં. હર્ષવિજયકૃત પાટણ ચૈત્યપરિપાટી પરથી જણાય છે. ખીમાવિજય રચિત એક સ્તવન અનુસાર આ પરમાત્માના દેવવિમાન સદેશ ભવ્ય જિનાલયનું જીર્ણોદ્ધાર જિનાલયના ધ્વજારોપણ સંબંધી આ ઉલ્લેખ હોય તેમ મનાય છે. વર્તમાન જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૯૫૯ના મહાસુદ ૨ ને શુક્રવારે થઈ હતી. આ પરમાત્માની પરિકર બેનમૂન કલાકૃતિનો અદ્‌ભૂત નમૂનો છે.

૪૪. શ્રી પાટણ તીર્થ - શ્રી ટાંકલા પાર્શ્વનાથ ભગવાન

પાટણના ટાંકલા મહેતાના પાડામાં બે જિન પ્રાસાદો આવેલા છે, તેમાં એક જિનાલયમાં શ્રી ટાંકલા પાર્શ્વનાથનાં પંચધાતુના પ્રતિમાજી મૂળનાયક તરીકે બિરાજમાન છે. આ પરમાત્માના નામની પાછળ તેમનું ઉત્પત્તિ સ્થાન સંકળાયેલું છે, પાણી તરેલી એક ટાંકીમાંથી બહાર નીકળેલા આ પ્રતિમાજીની અર્ચના ભવ્ય જીવોને સંસારરૂપી ટાંકામાંથી બહાર કાઢનારી પાડનારી વધુ મ છે તે નિઃસ્નેહ છે. આ પ્રતિમાજીની પ્રાચીનતા અને પ્રભાવ પર પ્રકાશ ાહિતી પ્રાપ્ત થઇ નથી. મહા સુદ-૧૦ના પ્રતિષ્ઠા દિનથી શ્રી સંઘ પ્રતિવર્ષ ઉજવણી કરે છે.

શ્રી ટાંકલા પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર જિનાલયજી

ટંક  મહેતાનો પાડો, પાટણ-૩૮૪૨૫૬(ઉ.ગુ.)

૪૫. શ્રી પાટણ તીર્થ - શ્રી ચંપા પાર્શ્વનાથ ભગવાન

આ પાટણ નગરના સાલવી વાડામાં શ્રી ચંપા પાર્શ્વનાથજીનું ધાબાબંધ જિનાલય વર્તમાનમાં વિદ્યામાન છે. આ જિનાલય મહારાજા કુમારપાળના સમયમાં નિર્મિત થયેલું છે. ત્યારબાદ તેના જિર્ણોદ્ધાર થયો હશે. છેલ્લી પ્રતિષ્ઠા સંવત ૧૭૦૦ની આસપાસમાં થયેલી છે. વૈશાખ સુદ-૩ના  પ્રતિષ્ઠા દિનની શ્રી સંઘ ઉજવણી કરે છે. આ પ્રતિમાજી સંપ્રતિકાલીન ગણાય છે. ''ચંપા પાર્શ્વનાથ''નામ કેમ પડ્યું હશે તે જાણી શકાયું નથી.

શ્રી ચંપા પાર્શ્વનાથ જિનાલય

સાવલી વાડો, નારાયણજીનો પાડો, ગોલવાડ, મુ. પાટણ(ઉ.ગુ)

૪૬. શ્રી ગાંભુ તીર્થ - શ્રી ગંભીરા પાર્શ્વનાથ ભગવાન

મહેસાણા જિલ્લાનું આ પણ એક અતિ પ્રાચીન તીર્થધામ છે. અહીંનો ઈતિહાસ ૯મી સદી પૂર્વેનો માનવામાં આવે છે. મૂળનાયક ગંભીરા પાર્શ્વપ્રભુની પ્રતિમાજી ખૂબ જ પ્રસન્ન મુદ્રામાં શોભી રહેલ છે. આ પ્રતિમાજી રાજા સંપ્રતિના સમયના છે. અહીંથી અનેક પ્રાચીન પ્રતિમાજીઓ મુંબઇ પાલીતાણા તથા તળાજા વિ. ધામોમાં બિરાજેલાં છે. પૂર્વકાળમાં અનેક ગ્રંથોની રચના આ નગરમાં થયેલી છે. આચાર્ય શીલાંકાચાર્યની આચારાંગસૂત્રી ટીકા અહીં રચાયેલ છે. શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર તેમજ ઉપાંગ પંચક અહીં તાડપત્ર ઉપર લખવામાં આવેલા હતાં. શ્રી ગાંભુ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ

બજાર જૈન દેરાસર, પોસ્ટ : ગાંભુ-૩૮૪૦૧૧ તાલુકો : બેચરાજી

જિલ્લો ઃ મહેસાણા, રાજ્ય ઃ ગુજરાત, ફોન ઃ ૦૨૭૩૪-૨૮૨૩૨૫.

૪૭. શ્રી ચાણસ્મા તીર્થ - શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાન

રેતીની બનેલી ખૂ જ ચમત્કારી પ્રતિમાજીની ગાદીમાં અંબિકા માતા બિરાજે છે. પાર્શ્વનાથ પ્રભુજીની ગાદીમાં અંબિકા બિરાજમાન હોય તેવી આ એક જ પ્રતિમાજી છે. ઇડર નજીકના ભાટુઆર ગામમાંથી પ્રાપ્ત થયેલ હોવાથી ભટેવા પાર્શ્વનાથજી તરીકે ઓળખાય છે. ચાણસ્મા ગામની મધ્યમાં રહેલ આ જિનાલય ખૂબ જ નયરમ્ય છે. આકર્ષક નગરી કહેવાય છે. ૭૦થી પણ અધિક દીક્ષા નજીકના વર્ષોમાં આ ભૂમિ પર થયેલ છે. રહેવા માટે ધર્મશાળા અને ભોજનશાળાની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

શ્રી ચાણસ્મા જૈન મહાજનની પેઢી, નાની વાડીયાવાડાના નાકે,

બજાર, પોસ્ટ : ચાણસ્મા : ૩૮૨૪૨૦ જિલ્લો : પાટણ,

રાજ્ય : ગુજરાત, ફોન : ૦૨૭૩૪-૨૨૩૨૯૬.

૪૮. શ્રી કંબોઈ તીર્થ - શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાન

શ્રી મનમોહન પાર્શ્વાથનું આ તીર્થ પ્રાચીન તીર્થ ગણાય છે. નાનકડા ગામની મધ્યમાં પ્રભુનું સુંદર આકર્ષક કાચની કારીગરીવાળું જિનાલય છે. મૂળનાયકશ્રીના પ્રતિમાજ સંપ્રતિકાલીન માનવામાં આવે છે.

શ્રો મનમોહન પાર્શ્વનાથ તીર્થ કારખાના ટ્રસ્ટ

પોસ્ટ : કંબોઈ - ૩૮૪૨૩૦ તાલુકો : ચાણસ્મા.

જિલ્લો : પાટણ, રાજ્ય : ગુજરાત ફોન : ૦૨૭૩૪-૨૮૧૩૧૫.

૪૯. શ્રી મુંજપુર તીર્થ - શ્રી જોટીંગડા પાર્શ્વનાથ ભગવાન

શ્રી શંખેશ્વર મહાતીર્થનું નિકટવર્તી મુંજપુર એક પ્રાચીન અને ઐતિહાસિક ગામ છે. શંખેશ્વર તીર્થના એક પડોશી તરીકે સૈકાઓથી મુંજપુર સાક્ષી બની રહેલું છે. “સોમ સૌભાગ્ય” કાવ્ય અનુસાર, પંદરમાં સૈકામાં મુજિંગનગરના મુંટ નામના શ્રેષ્ઠીએ ધાતુની અસંખ્ય ચોવીસીનાં બિંબો ભરાવ્યાં અને સોમસુંદરસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી. આ મુજિંગનગર એ હાલનું મુંજપુર હોવાનું મનાય છે. આ અનુમાન જો સત્ય હોય તો પંદરમા  સૈકમામાં અહીં મંદિર હોવાનું અનુમાન થઇ શકે. પ્રતિમાજી સંપ્રતકાલિન હોવાનું મનાય છે. મૂળનાયક શ્રી શાંતિનાથજીનું આ દેરાસર ૪૦૦ વર્ષથી પણ વધુ પ્રાચીન છે. બીજી બાજું શ્રી ગોડી પાર્શ્વનાથનું દેરાસર બે મજલાનું અને શિબબદ્ધ છે. શ્રી શાંતિનાથના દેરાસરનો માગશર સુદ-૧૧નો પ્રતિષ્ઠાદિન પ્રતિર્ષ ઉજવાય છે. સં. ૨૦૦૧માં છેલ્લો જિણોદ્ધાર થયેલો છે. જિનાલયમાં ચાર કમાન. નવ તોરણ અને છતની કોતરણી દર્શનીય છે.

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

મુ.પો. મુંજપુર, તા. સમી, જિ. મહેસાણા, પીન - ૩૮૪૨૪૦.

૫૦. શ્રી શંખલપુર તીર્થ - શ્રી શંખલા પાર્શ્વનાથ ભગવાન

વર્તમાન “શંખલપુર” નામથી ઓળખાતું આ ગામ ઘણું પ્રાચીન છે. સંવત ૧૪૬૬માં શ્રી મુનિસુંદરસૂરી રચિત “ગુર્વાવલી”માં માંડવગઢના મંત્રી પેથડ શાહે ૧૪મા સૈકામાં ભિન્ન ભિન્ન ગામમાં બંધાવેલા ૮૪ જિન પ્રાસાદોની નોંધ આપી છે. આ નોધમાં જણાવ્યું છે કે ‘શ્રી વામેયજિતઃ સલક્ષણપુરે.’’ તેથી સલખણપુરમાં પેથડ મંત્રીએ શ્રી પાર્શ્વનાથનું ભવ્ય જિનાલય બંધાવેલું તે જાણકારી પ્રાપ્ત થાય છે. અહીંમળી આવેલી ઘણી બધી પુરતન ચીજો તેમજ જિન પ્રતિમાઓ અહીંના પ્રાચીન જિન મંદિરોનો પુરાવો આપે છે. આ દેરાસરજીનો જીર્ણોદ્ધાર કરી નૂતન મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું અને સંવત ૧૯૦૫ના જેઠ વદ આઠમના દિને નૂતન જિનાલયની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ

મુ. શંખલપુર, સ્ટે. બેચરાજી, તા. ચાણસ્મા, જિ. મહેસાણા.

૫૧. શ્રી ---- તીર્થ - શ્રી ----- પાર્શ્વનાથ ભગવાન

શ્રી

૫૨. શ્રી માંડલ તીર્થ - શ્રી ગાડલિયા પાર્શ્વનાથ ભગવાન

વર્ધમાનમાં ગાડલિયા પાર્શ્વનાથ તરીકે વધુ પ્રસિદ્ધિ પામેલા આ પરમાત્માને ક્યાંક ગાડરિયા પાર્શ્વનાથ તરીકે ઓળખવામાં આવ્યાં છે. તો કોઈક તેને ગાલ્લિયા પાર્શ્વનાથ તરીકે ઓળખાવે છે. ગાડર, ગાડરી કે ગારડિયા તરીકે પણ આ પાર્શ્વનાથ પ્રભુનો પરિચય પ્રાચીન સ્તવનોમાં અપાયેલો છે. ઉપલબ્ધ ચૈત્ય પારિપાટી સ્તવનોની પ્રાચીનતાનો ક્રમ અને તેમાં દાખવેલાં નામ જોતાં અનુમાન કરી શકય કે મૂળથી ગારલિયા કે ગાલ્લિયા તરીકે ઓળખાતા આ પરમાત્માના નામનો અપભ્રંશ શબ્દ વર્ધમાન ‘ગાડલિયા’ બન્યો હશે. આ પ્રતિમાજીનો મહિમા અપરંપાર છે. તેમના નામની પાછળ રહેલું રહસ્ય અગોચર છે. પ્રતિમાજીનું પબાસણ ગાલ્લીના (એક પ્રકારનું ગાડું) આકારે છે. તેથી ગલ્લિયા પાર્શ્વનાથ નામ પડ્યું છે. તેવી લોકવાયકા છે. આ પ્રતિમાજી સંપ્રતિકાલીન છે. વર્તમાન જિનાલય સંવત ૧૮૭૫ની આસપાસમાં બંધાયેલું છે. મહા સુદ-૫ના પ્રતિષ્ઠા દિનને શ્રી સંઘ પ્રતિવર્ષ ઉલ્લાસથી ઉજવે છે. માંડલ ગામ પ્રાચીન અને ઐતિહાસિક ભૂમિ છે. મહામાત્ય વસ્તુપાલ-તેજપાલની એ જન્મભૂમિ છે.

શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ

મું. માંડલ પીન ૩૮૨૧૩૦ તા. વિરમગામ, જિ. અમદાવાદ., રાજ્ય : ગુજરાત.

૫૩. શ્રી શેરીસા તીર્થ - શ્રી પાર્શ્વનાથ ભગવાન

ઉત્તર મધ્ય ગુજરાતનું એક સુંદર પ્રાચીન તીર્થધામ છે. વીર નિર્વાણની અઢારમી સદીમાં આચાર્ય દેવેન્દ્રસૂરીજી દ્વારા પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ મળે છે. આ અગાઉ પણ વસ્તુપાળ તથા રાજા કુમારપાળના સમયમાં પણ સમૃદ્ધ તીર્થધામ હોવાના અવશેષ પ્રાપ્ત થયા છે. ભોંયરામાં પાર્શ્વનાથ પ્રભુજીની અત્યંત તેજોમય પ્રતિમાજી બીરાજે છે. ઉત્તર મધ્ય ગુજરાતના પંચતીર્થીમાંનું એક સુંદર રમણીય તીર્થધામ છે.

શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢી

પોસ્ટ : શેરીસા - ૩૮૨૭૨૧ જિલ્લો : ગાંધીનગર

રાજ્ય : ગુજરાત : ફોન : ૦૨૭૬૪-૨૫૦૧૨૬.

૫૪. શ્રી કલિકુંડ તીર્થ - શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાન

યુગપ્રધાન આચાર્યદેવશ્રી જિનદત્તસૂરીશ્વરજી મ.સા.ની જન્મભૂમિમાં ખૂબ જ વિશાળ ઉદ્યાનમાં શોભિત આ તીર્થમાં અતિ પ્રાચીન કલિકુંડ પાર્શ્વનાથ પ્રભુજી બિરાજે છે. આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી આ તીર્થ નિર્માણ થયેલ છે. ભમતીમાં ત્રણેય ચોવીસીના ૭૨ તીર્થંકર ભગવંતો શોભી રહેલ છે. હાઈવે રોડ પર આવેલ તીર્થ હોવાથી યાત્રા સંઘોની અવરજવર ખૂબ જ રહે છે. પ્રભુજી અત્યંત પ્રભાવશાળી અને ચમત્કારી છે.

શ્રી તેજપાલ વસ્તુપાલ જૈન ચેરીટેબલ ટ્રસ્ટ,

કલિકુંડ તીર્થ, પોસ્ટ ધોળકા - ૩૮૭૮૧૦,જિલ્લો : અમદાવાદ,

રાજ્ય : ગુજરાત. ફોન : ૦૨૭૧૪-૨૨૧૫૭૩૮.

૫૫. શ્રી ઘોઘા તીર્થ - શ્રી પાર્શ્વનાથ ભગવાન

આશરે ૮૦૦ વર્ષ પહેલાનું આ પ્રાચીન તીર્થમાં આચાર્ય શ્રી મહેન્દ્રસૂરીશ્વરજીના સુહસ્તે પ્રભુની અંજનશલાકા થયાનો ઉલ્લેખ છે. એક સમયેઘોઘા સૌરાષ્ટ્રનું અતિ સમૃદ્ધ વ્યાપારી સ્થાન ઘોઘા બંદર હતું. મુસ્લિમ આક્રમણથી પ્રતિમાજીના નવ ટૂકડા થયા હતા પણ અધિષ્ઠાયક દેવની સહાયથી પ્રભુજીને લાપસીમાં પંદર દિવસ રાખ્યા જેથી નવખંડ થયે પ્રભુજીની પ્રતિમા અખંડિત બની ગઈ ત્યારથી નવખંડા પાર્શ્વનાથજી તરીકે પ્રસિદ્ધ છે. વર્ષો પહેલાં પ્રભુના અંગૂઠામાંથી અમૃત ઝરતું હતું.

શેઠ કાળામીઠાની પેઢી, શ્રી નવખંડા પાર્શ્વનાથ જૈન દેરાસર

પોસ્ટ : ઘોઘા - ૩૬૪૧૧૦. જિલ્લો : ભાવનગર,

રાજ્ય : ગુજરાત ફોન : ૦૨૭૮-૨૮૮૨૩૩૫.

૫૬. શ્રી અજાહરાજી તીર્થ - શ્રી પાર્શ્વનાથ ભગવાન

સૌરાષ્ટ્રના દરિયાકાંઠે આવેલા આ નયનરમ્ય તીર્થ જ્યાં પાર્શ્વનાથ પ્રભુજી બિરાજે છે. કહેવાય છે કે શ્રી મુનિસુવ્રતસ્વામી પ્રભુના સમયમાં થયેલ રાજા અજયપાળનો રોગ આ પ્રભુજીના ન્હવણજળથી દૂર થયો હતો. તેથી રાજાએ આ ગામની વસાવી પ્રભુની પ્રતિષ્ઠા કરાવી હતી. રત્નસાર  નામની વેપારી મધદરિયે પોતાના વહાણ સાથે જઈ રહ્યો હતો ત્યારે વહાણ ફસાઈ ગયા ત્યાં દૈવી અવાજ સંભળાયો કે વહાણની નીચે પ્રભુજીના પ્રતિમાજી છે જેને બહાર લાવીને પ્રભુજીના અભિષેકનું ન્હવણજળ અજયપાલરાજા ઉપર છાંટ્યું અને તેનો રોગ દૂર થયો. હજાર વર્ષ પ્રાચીન આ સુંદર તીર્થ છે.

શ્રી અજાહરા પાર્શ્વનાથ પંચતીર્થ જૈન કારખાના પેઢી, ગામ : અજાહરા,

પોસ્ટ : દેલવાડા-૩૬૨૫૧૦ જિલ્લો : જૂનાગઢ રાજ્ય : ગુજરાત.

ફોન નં. ૦૨૮૭૫-૨૯૯૩૫૫(અજાહરા)

મુખ્યપેઢી : ઉના : ૩૬૨૫૬૦(પીનકોડ) ફોન : ૦૨૮૭૫-૨૨૨૨૩૩.

૫૭. શ્રી પ્રભાસપાટણ તીર્થ - શ્રી દોકડિયા પાર્શ્વનાથ ભગવાન

સમુદ્ર કિનારાની નિકટ વસેલું પ્રભાસપાટણ, તીર્થ તરીકેની ખ્યાતિને પામેલું છે. મૂળનાયક શ્રી ચંદ્રપ્ર સ્વામીના ભવ્ય જિનપ્રાસાદમાં ડાબી બાજુના શ્રી દોકડિયા પાર્શ્વનાથ પ્રભુની કૃષ્ણવર્ણી કમનીય પ્રતિમા બિરાજમાન છે. આ પ્રભુના નામની સાથે તેની પ્રભાવસંપન્નતાની એક મનોહર કથા ગૂંથાયેલી છે. એક ભાગ્યશાળી મહાનુભાવ નિત્ય આ પ્રભુજીની પ્રથમ પૂજાની પલાંઠી પરથી એક દોકડો(તે સમયનું નાણું) તેને પ્રાપ્ત થતો. આ પ્રમાણે ઘણા દિવસો સુધી ચાલ્યું. પણ તે પ્રભુપૂજાથી આ ચમત્કારી ઘટના ગુપ્ત ન રહી શકી. પ્રભાવથી થયેલાં આનંદના આવેગમાં એકદા આ વાત તેણે અન્યને કહી સંભળાવી. બીજે દિવસેદિવસે નિત્યક્રમ અનુસાર તે પ્રભુની પુજા કરવા પહોંચ્યો ત્યારે પ્રભુની પ્રલાંઠીમાં દોકડો તો હતો પણ તે ચોંટી ગયો

હતો. તે દિવસે દોકડો પ્રાપ્ત થઈ શક્યો નહિ. આજ સુધી તે દોકડો ઉપજાવે છે. શ્રદ્ધાળુઓને આ પરમાત્મા પ્રત્યે અત્યંત શ્રદ્ધા છે. તેમની અચિંત્ય પ્રભાવના અનુભવો ભાવુકોને થયા કરે છે.

શ્રી દોકડિયા પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તિર્થ

સી/ઓ, શ્રી પ્રભાસપાટણ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ

ઠે. દેરાસરની ખડકી, મુ. પ્રભાસપાટણ

જિલ્લો ः જૂનાગઢ(સૌરાષ્ટ્ર)૩૬૨૨૬૮.

૫૮. શ્રી ચોરવાડ તીર્થ - શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન

સૌરાષ્ટ્રના દરિયા કિનારા પર આવેલા ચોરવાડમાં આ જિનાલય આવેલું છે. આ તીર્થ અતિ પ્રાચીન મનાય છે. સં. ૧૫૨૯માં વૈશાખ સુદ-૨ ના ગુરુવારના રોજ પ્રતિષ્ઠા થયેલ ૫૦૦ વર્ષ પ્રાચીન આ જિનાલય સોની મહાજને બંધાયેલું છે. સંપ્રતી મહારાજાના સમયની ૨૦૦૦ વર્ષ પ્રાચીન શ્રીચિંતામણી પાર્શ્વનાથજીની પ્રતિમા ખૂબ જ ચમત્કારીક અને દર્શનીય છે. દરિયા કિનારે આ શહેર આવેલું હોવાથી અહીંની રમણીય આબોહવામાં ભક્તિ માટેનું આહ્લાદક વાતાવરણ છે. પ.પૂ.આ.શ્રી. પ્રતાપસૂરીશ્વરજી મ.સા.નું આ જન્મ સ્થાન છે.

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી

ચોરવાડ, જિલ્લો ः જૂનાગઢ, ગુજરાત.

૫૯. શ્રી માંગરોળ તીર્થ - શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ ભગવાન

સૌરાષ્ટ્રનું માંગરોળ બંદર પૂર્વ 'મંગલપુર' નામથી પ્રસિદ્ધ હતું. શ્રી નવવલ્લભ પાર્શ્વનાથનું આ પ્રાચીન તીર્થ અતિ પ્રભાવક છે. કહેવાય છે કે પરમાર્હત્ કુમારપાળે આ જિનપ્રસાદનું નિર્માણ કરાવ્યું હતું. . તેમા સં. ૧૨૩૬માં શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુને બિરાજમાન કરવામાં આવ્યા હતા. આ પરમાત્માના 'નવપલ્લવ' નામની ગુણનિષ્પન્નતાનું રહસ્ય શ્રી સમયસુંદર ઉપાધ્યાયે"શ્રી નવપલ્લવભાસ"માં ખોલ્યું છે. તે ભાસ અનુભવ પૂર્વ આ પ્રતિમાજી વલભીપુરમાં બિરાજમાન હતા. વલભીપુરનો ભંગ થતાં ત્યાંના પ્રાચીન જિનબિંબોને પ્રભાસપાટણ, ભિન્નમાલ વિ.સ્થાનોમાં ખસેડવામાં આવ્યાં. ત્યારે આ શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુને માંગરોળ લલઈ જવામાં આવ્યા. શ્રી નવપલ્લવ પાર્શ્વનાથના આ પ્રતિમાજી સંપ્રતિકાલીન ગણાય છે. તીર્થના નામ પરથી આ પાર્શ્વનાથ "મંગલપુરા પાર્શ્વનાથ" નામથી પણ ઓળખાય છે.

શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ

કંપાણી ફળિયા, માંગરોળ, જિલ્લો ઃ જૂનાગઢ પીન-૩૬૨૨૨૫(સૌરાષ્ટ્ર)

૬૦. શ્રી બરેજબંદર તીર્થ - શ્રી બરેજા પાર્શ્વનાથ ભગવાન

સૌરાષ્ટ્ર દેશમાં બરેજા નામનું એક નાનકડું ગામડું છે. આ ગામ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું પ્રાચીન ધામ છે. એક વાર એક સાર્થવાહ એક વહાણમાં બેસીને સમુદ્રમાંથી પસાર થઈ રહ્યો હતો. અવિસ્તપણે વહાણ સમુદ્રમાં ચાલતું હતું પણ અચાનક વહાણ સ્થંભિત થયું. વહાણ સ્થંભિત થવાનું કારણ આ સાર્થવાહને ન સમજાયું. વિસ્મયનાં વહેણમાં તે તણાવા લાગ્યો, પણ તેનો વિસ્મય વધુ સમય ન ટક્યો. વહાણ સ્થંભિત થવાનાં કારણોની તે તપાસ કરવા લાગ્યો, ત્યારે તે સમુદ્રના જળમાંથી એક મનોરમ્ય જિનબિંબ તેને પ્રાપ્ત થયું. આ બિંબને નિરખીને તે હર્ષિત થયો. તેણે આ પ્રતિમાને બરેજા ગામમાં પધરાવ્યાં. એક મનોહર જિનપ્રસાદના મૂળનાયક પદે આ પરમાત્મા વિભૂષિત થયા. આ પ્રભુજીના પ્રભાવ અને ચમત્કાના અનુભવો અનેક શ્રદ્ધાળુઓને થયાં છે.

૬૧. શ્રી ભાણવડ તીર્થ - શ્રી અમૃતઝરા પાર્શ્વનાથ ભગવાન

વર્ધમાનમાં ભાણવડ કે જામભાણવડના નામથી ઓળખાતું આ તીર્થ પ્રાચીન ગ્રન્થોમાં ‘ભાનુવડ ગામ’ નામથી ઓળખવામાં આવ્યું છે. આ ભાણવડતીર્થમંડન શ્રી પાર્શ્વનાથ અત્યંત પ્રભાવશાળી છે. ચાંપશી નામના શ્રેષ્ઠીએ શ્રી પાર્શ્વનાથ પ્રભુના આ ભવ્ય જિનપ્રસાદનું નિર્માણ કરાવ્યું. આ નવનિર્મિત જિનપ્રાસાદમાં શ્રી જિનરાજસૂરિના વરદ હસ્તે સં.૧૬૬૨ના ફાગણ સુદ-૨ના દિને શ્રી અમૃતઝરા પાર્શ્વનાથને શાહ ધારાસી રાજશી દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવ્યાં હતાં. ત્યારે ત્યાં કુલ ૮૦ જિનબિંબોની પ્રતિષ્ઠા થયેલ.

શ્રી અમૃતઝરા પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ, ઠે. શેરીના રસ્તાપર, જામભાણવડ, જિલ્લો ઃ જામનગર (સૌરાષ્ટ્ર) પીન-૩૬૦૫૧૦.

૬૨. શ્રી ભણસાલ તીર્થ - શ્રી સપ્તફણા પાર્શ્વનાથ ભગવાન

મેઘમાલીકૃત અનરાધાર જલવૃષ્ટિના ઉપસર્ગ પ્રસંગે ધરણેન્દ્રે શ્રી પાર્શ્વનાથના મસ્તકે ફણા વિકુર્વીને છત્ર ધર્યું હતું. ધરણેન્દ્રની આ અદ્વિતીય ભક્તિની સ્મૃતિમાં શ્રી પાર્શ્વપ્રભુનાં બિંબાને નાગફણાનાં છત્રથી આચ્છાદિત કરવાનો રિવાજ પ્રચલિત છે. શ્રી પાર્શ્વપ્રભુનાં ફણાયુક્ત બિંબો ઠેર ઠેર જોવા મળે છે. ૧-૫-૭-૯-૧૦૮ કે ૧૦૦૮ ફણાથી અલંકૃત બિંબો ભિન્ન ભિન્ન સ્થાનોમાં વિદ્યમાન હોવા છતાં ભાણસાલના શ્રી પાર્શ્વનાથ સ્વામી

“ શ્રી સપ્તફણા પાર્શ્વનાથ”ના વિશિષ્ટ નામથી પ્રસિદ્ધ છે. જૈનોમાં રાયસી શાહ અને વર્ધમાન શાહ નામના બે આગેવાન શ્રેષ્ઠી હતા. ઔદાર્યગુણ સંપન્ન આ શ્રેષ્ઠીઓએ ભણસાલમાં સં. ૧૫૪૦માં એક મનોહર જિન ચૈત્યનું નિર્માણ કરાવ્યું. આ જિન પ્રાસાદમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુન અનેક બિંબો સ્થાપિત કરવામાં આવ્યાં. સાત મનોહર ફણાથી અલંકૃત આ શ્રી પાર્શ્વનાથ સ્વામી સ્વામી “શ્રી સપ્તણા પાર્શ્વનાથ” નામથી પ્રસિદ્ધ બન્યા.

શ્રી સપ્તફણા પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તિર્થ

મુ. ભણસાલ, જિલ્લો ઃ જામનગર(સૌરાષ્ટ્ર)

૬૩. શ્રી જામનગર તીર્થ - શ્રી ભાભા પાર્શ્વનાથ ભગવાન

જે નગરનું સૌંદર્ય આંખોને આનંદિત કરે છે, જે નગરની બાંધણી અંતરમાં આકર્ષણ પેદા કરે છે. એવા જામનગર પાસે પ્રાચીનતા નથી, પણ પ્રેમાળતા ઘણી છે. ચોરીવાળા દહેરાસર તરીકે ઓળખાતા જિનમંદિરમાં શ્રી ભાભા પાર્શ્વનાથની મનોહર મૂર્તિ છાજે છે. અચલગચ્છીય આચાર્ય શ્રી કલ્યાણસૂરીના ઉપદેશથી શ્રી સંઘે સં. ૧૬૭૮ના વૈશાખ સુદ-૮ને રવિવારે આ બિંબની પ્રતિષ્ઠા કરાવી હતી. સં. ૧૬૫૫માં ગૂંથાયેલી શ્રી પ્રેમવિજયકૃત ‘‘૩૬૫ શ્રી પાર્શ્વજિન નામમાલા’’માં શ્રી પાર્શ્વપ્રભુના આ નામની પણ ગૂંથણી કરવામાં આવેલ છે.

શ્રી ભાભા પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ

ઠે. ચોકમાં, ચોરીવાળું દેરાસર, મુ. જામનગર(સૌરાષ્ટ્ર) પીન ઃ ૩૬૦૦૦૧.

૬૪. શ્રી ભદ્રેશ્વરજી તીર્થ - શ્રી ભદ્રેશ્વર પાર્શ્વનાથ ભગવાન

મહાવીર ભગવાનના કાળમાં “ભદ્રાવતી”ના નામથી ઓળખાતી આ પ્રાચીન નગરી આજે ‘ભદ્રેશ્વર’ કે ‘વસઈ’ના નામથી પ્રસિદ્ધ છે. અૂપૂર્વ જિનભક્તિ, બ્રહ્મચર્યનું પાલન અને તપની આરાધનાને કારણે અહીંના દેવચંદ્ર શ્રેષ્ઠીને પવિત્ર ધર્માત્મા તરીકે સહુ આદરથી સન્માનતા. ગુરુ ભગવંતના મુખેથી જિન ભક્તિનો અપાર મહિમા સાંભળીને આ ધર્માત્માના અંતરમાં એક ભવ્ય જિનાલય બંધાવવાનાં અરમાન થયા. પ્રભુ વીરના નિર્વાણ પછીના ૨૩માં વર્ષે આ શ્રેષ્ઠીએ ભદ્રાવતી નગરીમાં એક દેવવિમાન જેવું ભવ્ય જિનાલય બંધાવી પોતાના કોડ પૂરા કર્યા. આ જિનપ્રાસાદમાં ત્રેવીમાં તીર્થપતિ શ્રી પાર્શ્વપ્રભુના મનોરમ્ય પ્રતિમાજીને કપિલ કેવળીના હસ્તે પ્રતિષ્ઠિત કર્યા. આ તીર્થના સ્થાપના અંગેની આ અનુશ્રુતિને વિ.સં.૧૯૩૯માં જીર્ણોદ્ધાર

પ્રસંગે મળી આવેલા એક તામ્રપત્રનું લખાણ પણ સમર્થન આપે છે તેમ વિદ્વાનો માને છે. વિક્રમની આઠમી સદીના અંત ભાગથી ભદ્રાવતી નગરી ભદ્રેશ્વર નામથી ઓળખાવા લાગી.

શેઠ વર્ધમાન કલ્યાણજીની પેઢી

મુ. ભદ્રેશ્વર(વસઈ) શ્વેતામ્બર જૈન તિર્થ, તા. મુંદ્રા જિલ્લો ઃ કચ્છ (ગુજરાત)

૬૫. શ્રી સુથરી તીર્થ - શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાન

કચ્છનું આ પંચતીર્થનું મુખ્ય તીર્થ ત્રણ માળના ભવ્ય જિનાલયથી શોભી રહ્યું છે અત્યંત ચમત્કારિક પાર્શ્વનાથ પ્રભુજીના દિવ્ય પ્રતિમાજી મૂળનાયક તરીકે બિરાજે છે. મંદિરની શિલ્પકળા પણ અત્યંત સુંદર છે. આ તીર્થ પણ આશરે દોઢસો વર્ષ જુનું છે.

શ્રી સુથરી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન દેરાસર

પો. સુથરી ઃ ૩૭૦૪૯૦, તાલુકો ઃ અબડાસા, જિલ્લો ઃ કચ્છ,

રાજ્ય ઃ ગુજરાત, ફોન ઃ ૦૨૮૩૧-૨૮૪૩૨૩

૬૬. શ્રી ભીનમાલ તીર્થ - શ્રી પાર્શ્વનાથ ભગવાન

રાજસ્થાન પ્રાચીન રાજધાનીનું મુખ્ય નગર આ ભીનમાલ એક સમયે ખૂબ જ પ્રસિદ્ધ હતું અનેક જગ્યાએ જોવામાં આવતા શીલાલેખ પરથી મનાય છે કે પ્રભુ મહાવીર એક સમયમાં અહીં વિચાર્ય હતા પ્રાચીનકાળમાં અહીં સેંકડો જિનાલયો હતા. પૌરાણીક કથાઓમાં પણ આ નગરીને ઘણુ મહત્ત્વ અપાયું છે. મંત્રીથી વિમળશાના પૂર્વજો પણ અહીંના હતા. આ સીવાય ગામમાં અન્ય ૧૫ મંદિરો છે. તેમાના મોટા ભાગના ૧૪માં કે ૧૫માં સૈકાના હોવાનું મનાય છે. આખું ભીનમાલ શહેર કલાત્મક અવશેષોના ખંડેરોથી ભરેલું છે. દરેક મંદિરમાં આવેલી પ્રાચીન કલાત્મક પ્રતિમાજીઓ અલૌકિક છે. શ્રીમાલ વંશને ઉત્પત્તિ આ નગરથી થયેલી છે.

શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તપગચ્છીય ટ્રસ્ટ

હાથીઓની પોળ, પોસ્ટ ઃ ભીનમાલ ઃ ૩૪૩૦૨૯

જિલ્લો ઃ ઝાલોર, રાજસ્થાન ફોન નં.ઃ ૦૨૯૬૯-૨૨૧૧૯૦.

૬૭. શ્રી નાકોડાજી તીર્થ - શ્રી પાર્શ્વનાથ ભગવાન

બાડમેર જિલ્લામાં આવેલા પહાડોની વચ્ચે આવેલા આ તીર્થનું નયનરમ્ય વાતાવરણ મનમોહક છે. અહીંના પવિત્ર સ્મણીય વાતાવરણમાં માનસિક તેમજ શારીરિક શાંતિની અનુભૂતિ થાય છે. મળતા ઈતિહાસ મુજબ આ પ્રતિમાજી નાકોડા ગામ નજીક સિણદરી વિસ્તારના એક તળાવમાંથી પ્રગટ થઈ જેને વિરાટ વરઘોડા સાથે અહીં લાવી વિ.સં.૧૪૨૯ના જીર્ણોદ્ધાર સમયે અધિષ્ઠાયક દેવશ્રી ભૈરવજીની સ્થાપના થઈ. શ્રી ભૈરવજી મહારાજ સાક્ષાત છે અત્ર તેના ચમત્કાર જગવિખ્યાત છે. હજારો શ્રદ્ધાળુઓ પોતપોતાની ભાવના લઈને આવે છે તેમની મનોકામના પૂર્ણ થાય છે.પ્રતિવર્ષ પોષ દશમીના પવિત્ર દિવસે અહીં વિરાટ મેળો ભરાય છે. ત્યારે મોટો માનવ મહેરામણ ઊમટે છે. વિશાળ ધર્મશાળા તથા ભોજન શાળાની અહીં સુંદર સગવડ છે. યાત્રિકોને અહીં ભાથું આપવામાં આવે છે.

શ્રી નાકોડા પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ

મુ.પો. ઃ મેવાનગર, સ્ટેશન ઃ બાલોતરા, જિલ્લો ઃ બાડમેર(રાજસ્થાન)

૬૮. શ્રી લોદ્રવા તીર્થ - શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાન

જેસલમેરથી ૧૫ કિ.મી. દૂર આવેલું આ તીર્થ પ્રાચીનકાળમાં લોદ્ર રાજપૂતોની રાજધાનીનું એક સૌથી મોટું અને વૈભવશાળી શહેર હતું. ભારતનું પ્રાચીન વિશ્વ વિદ્યાલય અહીં હતું. કાળક્રમે યુદ્ધમાં લોદ્રવપુરનો નાશ થયો અને વિજયી જેસલજીએ નવી રાજધાની વસાવી જેનું નામ જેસલમેર રાખ્યું. આ પ્રતિમાજી પણ અહીંથી ત્યાં લઈ જવામાં આવી જે આજે પણ ત્યાં વિદ્યમાન છે. જેસલમેર પંચતીર્થીનું આ પ્રાચીન તીર્થસ્થળ છે. અહીંની શિલ્પકળા અજોડ છે પ્રાચીન કલ્પવૃક્ષના દર્શન પણ ફક્ત અહીં જ થાય છે. અધિષ્ઠાયક દેવ નાગદેવતાના સ્વરૂપે અવારનવાર દર્શન આપે છે અને અનેક ચમત્કારો સર્જાયા છે. અદ્‌ભૂત શિલ્પકારીગીરીવાળું આ જિનાલય અને સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાનની કસોટી પાષાણમાંથી બનાવેલી ચમત્કારી કલાત્મક પ્રતિમાના દર્શન દુર્લભ છે.

શ્રી જેસલમેર-લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર ટ્રસ્ટ

ગામ ઃ લોદ્રવપુર - ૩૪૫૦૦૧, જિલ્લો ઃ જેસલમેર, રાજસ્થાન ફોન ઃ ૦૨૯૯૨-૨૫૦૧૬૫.

૬૯. શ્રી જેસલમેર તીર્થ - શ્રી સંકટહરણ પાર્શ્વનાથ ભગવાન

જેસલમેર સૈકાઓ પૂર્વે જૈનોની પ્રવૃત્તિઓનું એક મહત્ત્વનું કેન્દ્ર હતું. અહીં ૮૪ ગચ્છોના ૮૪ ઉપાશ્રયો હતા. જેસલમેર શહેરમાં કોઠારીપાડામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સૌધ-શિખરી ભવ્ય બેમાળી જિનાલય છે. આ મંદિર "તપાગચ્છીય મંદિર" તરીકે પણ ઓળખાય છે.

૭૦. શ્રી જાલોર તીર્થ - શ્રી કુંકમરોલ પાર્શ્વનાથ ભગવાન

"સકલાર્હત્ સ્ત્રોત"ના અંતિમ શ્લોકમાં ગિરિ-તીર્થો પર બિરાજમાન જિનેશ્વરની સ્તુતિ કરતાં 'કનકાચલ'નો પણ ઉલ્લેખ થયેલો છે. આ કનકાચલ વર્ધમાનમાં સોવનગિરિ કે સુવર્ણગિરિ નામથી ઓળખાતું પ્રાચીન તીર્થ છે. વિક્રમના ત્રીજા સૈકાના પ્રારંભમાં થયેલા નાહડ સજાના સમયમાં અહીં 'યક્ષસતિ' નામના જિનપ્રસાદનું નિર્માણ થયું. આ સુવર્ણગિરિ પર સં.૧૨૨૧માં પરમાર્હત્ કુમારપાળે એક જિનપ્રાસાદ બંધાવ્યો અને તેમાં શ્રી વાદિદેવસૂરિના હસ્તે શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રતિષ્ઠા કરાવી. આ ચૈત્ય 'કુમારવિહાર' નામની ઓળખાતું. આ જિનપ્રસાદ બાવન દેવકુલિકાઓથી યુક્ત હતો. એક પ્રાચીન સંસ્કૃત સ્ત્રોત્રના આધારે જાણી શકાય છે કે સુવર્ણગિરિ પર શ્રી કુંકમરોલ પાર્શ્વનાથનો જિનપ્રસાદ છે. કિલ્લાને બાવન બૂરજ અને ૪ દરવાજા છે. સૂરજપોળ, ધૂપોળ, ચાંદપોળ અને લોહપોળ નામથી ઓળખાતા આ ચાર દરવાજા  પસાર કર્યા બાદ જૈન મંદિરો આવે છે. પરમાર્હત્ કુમારપાળે બાવન દેવકુલિકાયુક્ત શ્રી પાર્શ્વનાથ પ્રભુનો ''કુમારવિહાર'' જિનપ્રાસાદ બંધાવ્યો હતો, તે પાર્શ્વનાથ પ્રભુ જ ''કુકુમરોલ પાર્શ્વનાથ' નામથી ઓળખાતા હોય તેમ માની શકાય. કાળક્રમે તે મંદિરનો ધ્વંસ થતાં આ નૂતન મંદિર માં તે પ્રતિમાને બિરાજમાન કરવામાં આવી હોય તેમ અનુમાન થઈ શકે છે.

શ્રી કુંકમરોલ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ

શ્રી સુવર્ણગિરિ શ્વેતાંબર જૈન તીર્થ પેઢી, જાલોર ઃ ૩૪૩૦૦૧(રાજસ્થાન)

૭૧. શ્રી નૂનગામ તીર્થ - શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ ભગવાન

રાજસ્થાનનું નૂન ગામ પણ ભૂતકાળમાં એક સમૃદ્ધ નગરી હતી. આજે તો કેટલાક ખોરડાઓ વચ્ચે ઊભેલા જૈન મંદિર સિવાય ગામ ઉજ્જડ છે. જૈનોની વસ્તી બિલકુલ નથી. ફણાસહિત ૧૭ ઈંચ આ જિનને જુહારવાથી પમાય છે. પંચમ ગતિનું પરમોચ્ચપદ. જિનાલય અત્યંત પ્રાચીન છે. કહેવાય છે કે શ્રી સંઘે સં. ૧૧૦૦ આસપાસમાં આ જિનપ્રસાદનું નિર્માણ કરાવ્યું હતું. નગરીની સમૃદ્ધિના કાળમાં તેના જીર્ણોદ્ધાર થતા રહ્યા છે. આ પ્રાચીન જિનાલયમાં બિરાજમાન પ્રભાવક પ્રભુજીના પ્રભાવનો અનુભવ શ્રદ્ધાળુઓને આજે પણ

થાય છે. સં.૧૬૫૫માં શ્રી પ્રેમવિજયે ગુંથેલી “૩૬૫ શ્રી પાર્શ્વજિન નામમાલા”માં શ્રી પાર્શ્વપ્રભુના “આશાપૂરણ” નામની ગૂંથણી થયેલી છે. દર વર્ષે પોષ દસમીના દિને અહીં મેળો ભરાય છે.

શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તિર્થ,

મુ. નૂન(જિલ્લો ઃ સિહોરી) વાયા કાલંદ્રી(રાજસ્થાન)

૭૨. શ્રી જીરાવલા તીર્થ - શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન

પરમ કૃપાળુ શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન ‘જીવિત સ્વામી કે જીવંત સ્વામી’ તરીકે પણ પ્રસિદ્ધ છે. ભગવાનની વિચરણ અવસ્થા-વિદ્યમાનતા - કે જીવિત દશામાં જે પ્રતિમા નિર્મિત-પ્રતિષ્ઠિત થાય છે. તેનેજ સ્વામી કહી શકાય છે. શ્રી જીરાવાલા પાર્શ્વનાથની નયનરમ્ય પ્રતિમા એ સમયની છે, જ્યારે પ્રભુજી વિદ્યામાન હતા. એ સમયમાં પ્રથમ ગણધર શ્રી શુભ સ્વામીજીના સદોપદેશથી અર્બુદાચલની તળેટીમાં રત્નપુરનગરના ધર્મપરાયણ રાજા ચંદ્રયશાએ આ પ્રતિમાનું નિર્માણ કરી અંજન પ્રતિષ્ઠા કરાવી હતી. કાળાંતરે ભૂમિગત થયેલી આ પ્રતિમાજી ધાંધલ શ્રાવકને સ્વપ્ન આદેશથી જીરાપલ્લી સમિપે સિહોલી નદીના કિનારે દેવત્રી ગુફામાંથી પ્રાપ્ત થઈ અને તે પ્રભાવ સંપન્ન પ્રતિમાજી શિખરબદ્ધ પ્રાસાદમાં મૂળનાયક સ્વરૂપે વિર સંવત ૧૧૦૯માં પ્રતિષ્ઠિત થયા. ત્યાર પછી આ તીર્થનો વખતોવખત જીર્ણોદ્ધાર થયો છેલ્લી પ્રતિષ્ઠા સંવત ૨૦૨૦માં પ.પૂ. આચાર્ય શ્રી વિજયહિમાચલસૂરીશ્વરજીના હાથે સંપન્ન થઈ. વર્તમાન સમયમાં ફરી વખત આ તીર્થનો જીર્ણોદ્ધારની સ્થિતિ ઉત્પન્ન થતા અધ્યાત્મયોગી પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં શ્રી તીર્થ નિર્માણ સમિતિ બનાવાઈ. આચાર્યશ્રીએ આશીર્વાદ દઈને પ્રેરણા પૂર્વક માર્ગદર્શન આપ્યું. મુખ્ય મંદિરના નકશા બનાવાયા અને કાર્ય આગળ ધપી રહ્યું હતુંે. તેવામાં જ નિશ્રાદાતા પ.પૂ.આચાર્યશ્રી કાળધર્મ પામ્યા અને આ કાર્ય આગળ વધતુ અટકી ગયું. પરંતુ પૂજ્ય આચાર્યશ્રીની તીવ્ર ભાવનાને ધ્યાનમાં લઈ ટ્રસ્ટી મંડળે આ કાર્ય આગળ વધાર્યું. ગયા વર્ષે સામુહિક અઠ્ઠમ તપ દ્વારા તીર્થોદ્ધાર હેતુ શાંતિ આવી. ૮૦૦ તપસ્વી ભાઈઓ-બહેનોએ અઠ્ઠમ તપ કરી, જાપ કરી આ અનુષ્ઠાનમાં ભાગ લીધો. અને વિ.સં. ૨૦૫૯ અષાઢ સુદ ૩ના શુભ દિને અનેક પ્રખર આચાર્યોની નિશ્રામાં વિધિવત્ ઉત્થાપન અને ચલ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો. તે જ પ્રમાણે પ્રભુ કૃપાથી વિ.સં. ૨૦૬૧ મહા સુદ ૩ના દિવસે ખાત મુહૂર્ત(ભૂમિ પૂજન) વિધિ સુખ પૂર્વક સંપન્ન થઈ.

શ્રી જીરાવાલા પાર્શ્વનાથ જૈન તીર્થ ટ્રસ્ટ, જીરાવલા, રાજસ્થાન.

૭૩. શ્રી સિહોરી તીર્થ - શ્રી સિશોડીઆ પાર્શ્વનાથ ભગવાન

૩૬ ઈંચ ઊંચા આ પ્રભુજી સર્વને વાત્સલ્યની ભીંજવી દે છે. તે પરમ પ્રેમમૂર્તિ છે ! શ્રી સિરોડીઆ પાર્શ્વનાથનું સિરોડી તીર્થ વધુ પ્રસિદ્ધ નથી. છતાં પ્રાચીન અને પ્રભાવક છે. અરૂપી પણ મૂર્તિમંત આ વિભુના દિવસમાં વિશિષ્ટ ત્રણ રૂપ દેખાય છે. સં.૧૫૦૦ આસપાસમાં આ તીર્થનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શુભ સાંન્નિધ્યમાં આ તીર્થનો પ્રતિષ્ઠા મહોત્સવ અતિ ભવ્ય રીતે ઊજવાયેલ. આ પ્રતિમાજી “શ્રી ગોડી પાર્શ્વનાથજી”ના નામથી વધુ પ્રસિદ્ધ છે. સં. ૧૬૬૭માં કવિવર શાંતિકુશલે રચેલા “૧૦૮ નામર્ગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તવન”માં સિસેડીમંડન ત્રેવીસમા તીર્થપતિને વંદના કરવામાં આવી છે.

શ્રી સિરોડિયા (ગોડી) પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ

તા. રેવદર.મુ. સિરોડી(મોટી પીન ઃ ૩૦૭૫૧૧, વાયા ઃ અનાદરા,

સ્ટે.આબુ રોડ, જિ. સિરોહી(રાજસ્થાન)

૭૪. શ્રી મીરપુર તીર્થ - શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાન

વિ.સં. ૮૦૮માં હમીરે આ ગામ વસાવ્યું હોવાનો ઉલ્લેખ છે. હમીરપુર, હમીરગઢ એવાં નામોનો ઉલ્લેખ પણ મળી આવે છે; પરંતુ આ મંદિર એવી યે પ્રાચીન રાજા સંપ્રતિ દ્વારા નિર્મિત થયું હતું એવો ઉલ્લેખ “વીરવંશાવલિ”માં મળી આવે છે. વિ.સં. ૮૨૧માં આચાર્ય શ્રી જયાનન્દસૂરીશ્વરજીના સદુપદેશથી મંત્રીશ્વર શ્રી સામન્તે મંદિરે

શ્રી પોસાલિયા પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ

મુ.પો. પોસાલિયા, શિરોહીકા વાસ, સ્ટેશન ઃ એરનપુરા, જિલ્લો ઃ સિહોરી(રાજસ્થાન)

૭૫. શ્રી પોસાલિયા તીર્થ - શ્રી પોસલી પાર્શ્વનાથ ભગવાન

પોસાલિયા તીર્થમંડન શ્રી પાર્શ્વનાથ પ્રભુ ગામના નામ પરથી ‘શ્રી પોસલી પાર્શ્વનાથ’નામથી ઓળખાય છે. વર્ધમાનમાં આ ગામમાં જૈનોની સારી વસ્તી છે. શ્રી પોસલી પાર્શ્વનાથનું દેરાસર શ્રી સંઘે સં. ૧૭૫૦માં નિર્મિત કર્યું. પ્રતિમાજી પર સં.૧૬૪૫નો લેખ ઉત્કીર્ણ છે. તે પહેલા પણ આ ગામમાં જિનાલય હોવાનું એક પ્રાચીન તીર્થમાલા પરથી ફલિત થાય છે.

શ્રી પોસાલિયા પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ

મુ.પો. પોસાલિયા, શિરોહીકા વાસ, સ્ટેશન : એરનપુરા, જિલ્લો : સિહોરી(રાજસ્થાન)

૭૬. શ્રી કાછોલી તીર્થ - શ્રી કછુલિકા પાર્શ્વનાથ ભગવાન

મંદિરમાં ઉપલબ્ધ શિલાલેખોથી પ્રતીત થાય છે કે આનું પ્રાચીન નામ કછુલિકા હતું. મૂળનાયક ભગવાનના પરિકરની ગાદી પર સં. ૧૩૪૩નો લેખ ઉત્કીર્ણ છે. આ તીર્થ એથી યે પહેલાનું માનવામાં આવે છે. કાછોલીવાલ ગચ્છનું ઉત્પત્તિ સ્થાન આ જ છે. એક સમયે આ નગર જહોજલાલી પૂર્ણ હતું અને સાધનસંપન્ન શ્રાવકોના હજારો કુટુંબો અહીં વસતાં હતાં. દર વર્ષે માગસર સુદ દસમે ધ્વજા ચઢાવવામાં આવે છે. પ્રભુપ્રતિમાં ઘણી જ સૌમ્ય છે. શાંત અને પ્રભાવશાળી છે. જિનાલયનું નિર્માણ ઘણી જ સુંદર રીતે થયું છે. નજીકનું રેલવે સ્ટેશન સરૂપગજ ૫ કિ.મી. દૂર છે.

શ્રી કાછોલી જૈન સંઘ

પોસ્ટ ઃ કાછોલી, રાજ્ય ઃ રાજસ્થાન, તાલુકો ઃ પિન્ડવાડા, જિલ્લો ઃ શિહોરી

૭૭. શ્રી બેડા તીર્થ - શ્રી દાદા પાર્શ્વનાથ ભગવાન

નવ ફણાની નવીનતાથી પ્રભુજીનું સૌંદર્ય વધુ મોહક બન્યું છે, આત્માનુભૂતિની ઉચ્ચ સપાટી સુધી પહોંચતા આ પ્રભુજી ૩૬ ઈંચ ઊંચા અને ૨૨ ૧/૪ ઈંચ પહોળા છે. ભક્તિ પ્રેર્યા ‘દાદા’ શબ્દની પરમાત્માને સંબોધીને ભક્તજનો બાળકની અદાથી પરમાત્મા સમક્ષ સ્તુતિ કરતા હોય છે. અરવલ્લીની પહાડી નજીક નિર્જન એકાન્તના પવિત્ર વાતાવરણમાં ઊભેલું આ જિનાલય અંતરમાં અનુપમ આહ્લાદ ઉપજાવે છે. આ તીર્થનો મહિમા અપરંપાર છે. શ્રી દાદા પાર્શ્વનાથજીની ગાદી પર સં. ૧૬૪૪નો લેખ છે. નરસિંહજીની પોળમાં આવેલું આ જિનાલય પરમાર્હત કુમારપાળે બંધાવ્યું હતું. પૌઢ અને પ્રભાવક જણાતાં આ પ્રતિમાજી લેપમય વેળુનાં છે.

શ્રી દાદા પાર્શ્વનાથજી જૈન શ્વેતામ્બર તીર્થ

સી/ઓ, બેડા મૂ. જૈન સંઘ સ્ટે. મોરીબેડા,તા. શિવગંજ, જિ.સિરોહી

૭૮. શ્રી સેસલી તીર્થ - શ્રી સેસલી પાર્શ્વનાથ ભગવાન

મીઠડી નદીના તટે વસેલા સેસલી ગામમાં આજે જૈનોની વસ્તી બિલકુલ નથી. સં. ૧૧૮૭ના અષાઢ સુદ ૭ના શુભ દિને ભટ્ટારક શ્રી સાંનદસૂરિના વરદ હસ્તે આ પ્રતિમાજીને આ ભવ્ય જિનાલયમાં મહામહોત્સવપૂર્વક ગાદીનશીન કરવામાં આવ્યા. સં. ૧૨૫૨માં શ્રી ઉત્તમ વિજયે ગાયેલા “શ્રી પાર્શ્વપ્રભુના ૧૦૮ નામના છંદ”માં પણ આ પ્રભુની સ્તુતિ કરવામાં

આવી છે. શ્રી સેસલી પાર્શ્વનાથનું માત્ર આ એક જ તીર્થ છે. આ નામના પ્રતિમાજી અન્યત્ર ક્યાંય બિરાજમાન નથી. પ્રતિવર્ષ કાર્તિકી પુનમ અને ભાદરવા સુદ ૧૦ના દિવસે અહીં મેળો ભરાય છે.

શ્રી સેસલી પાર્શ્વનાથ શ્વેતામ્બર તીર્થ પેઢી

મુ.પો.સેસલી, સ્ટે. ફાલના, તા. બાલી જિ. પાલી(રાજસ્થાન)

૮૯. શ્રી રાણકપુરજી તીર્થ - શ્રી રાણકપુરજી પાર્શ્વનાથ ભગવાન

આ તીર્થના ઈતિહાસ પર દૃષ્ટિ ફેંકતા એક પવિત્ર યુવાન રાજ્યમંત્રીના ઔદાર્ય અને કૌશલ્ય પ્રત્યે હૈયું નમી પડે છે. “નલિનીગુલ્મવિમાન” સમા જિનપ્રાસાદનું સર્જન કરવાનાં અરમાનોએ તેની સમગ્રતાને ઘેરી લીધી. પોતાનાં અરમાનોને મૂર્તિમંત કરવા કુંભારણા પાસેથી જમીન ખરીદી ત્યાં “રાણપુર”વસાવ્યું. ગામ ગામના કુશળ શિલ્પીઓને બોલાવી. ભવ્ય જિનપ્રાસાદના નિર્માણ કાર્યનાં મંડાણ કરાવ્યાં અને આખરે ધરણાશામાં ભાવવિભોર ભક્તિભાવ અને ઉભરાત ઔદાર્યને તથા શિલઢપીઓના અદ્‌ભૂત કલા કૌશલ્યને પ્રદર્શિત કરતો ભવ્ય ચતુર્મુખ જિનપ્રાસાદ સાકાર બન્યો. આ જિનાલયનું નિર્માણ ૧૫માં સૈકામાં થયું હોવાનું અનુમાન છે. રાણકપુરના વાસી આ પાર્શ્વનાથ “રાણકપુ પાર્શ્વનાથ”તરીકે ઓળખાય છે.

શ્રી પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન દેરાસર

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી, મુ.પો. રાણકપુર. જિ. પાલી, સ્ટે. ફાલના. તા. દેસરી (રાજસ્થાન)

૮૦. શ્રી નાડલાઈ તીર્થ - શ્રી સોગઠિયા પાર્શ્વનાથ ભગવાન

ઈતિહાસ કહે છે કે નારદે વસાવેલી આ નારદપુરીના નિકટવર્તી ગિરિશ્રૃંગ પર શ્રી કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નકુમારે ભવ્ય શિખરબંધી જિનપ્રાસાદનું નિર્માણ કરાવી, પરમ યોગીશ્વર શ્રી નેમિનાથ પ્રભુની પ્રભાવપૂર્ણ પ્રતિમાજે પ્રતિષ્ઠિત કરાવી. આ ઈતિહાસ. આ નગર અતિ પ્રાચીન હોવાનું અનુમાન કરવા પ્રેરે છે. આ નગરની નિકટવર્તી બે ટેકરીઓ અનુક્રમે શત્રુંજય અને ગિરનારના નામથી પ્રસિદ્ધ છે. અહીં સં. ૧૬૦૭માં શ્રી હીરવિજયસુરીને પન્યાસ તથા ઉપાધ્યાય પદથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. જેખલ પર્વતના મૂળમાં શ્રી સોગઠિયા પાર્શ્વનાથનું ભવ્ય શિખરબંધ જિનાલય સુંદર શોભી રહ્યું છે. આ જિનપ્રસાદનું સ્થાપત્ય દશમાં સૈકાનું જણાય છે.

શ્રી સોગઠિયા પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર,

ધંધ વાડીની બાજુમાં, મુ. નાડલાઈ, તા. દેસૂરી, જિલ્લો : પાલી, વાયા : રાણી(રાજસ્થાન)

૮૧. શ્રી વરકાણા તીર્થ - શ્રી પાર્શ્વનાથ ભગવાન

રાજસ્થાનના પાલી જિલ્લામાં આવેલું આ તીર્થ વરકાણા ગામમાં આવેલું છે. પ્રાચીનકાળમાં આ સમુદ્ધ અને વિશાળ નગર હતું એવો ઉલ્લેખ મળી આવે છે. મહારાણા કુંભાના સમયમાં શ્રી માલપુરના શ્રેષ્ઠીઓએ આનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. પ્રતિમાજી પર કોઈ લેખ નથી પરંતુ એક સ્તંભ પર સં. ૧૨૧૧નો લેખ લખેલો છે. દરવાજાના બહાર ૧૬૮૬નો લેખ છે. આ કલાકૃતિ દર્શનીય છે. સકલ તીર્થસુત્રમાં પણ આ તીર્થનો ઉલ્લેખ આવે છે.

શ્રી પાર્શ્વનાથ જૈન દેવસ્થાન પેઢી

વરકાણા તીર્થ, પોસ્ટ : વરકાણા – ૩૦૬૧૦ જિલ્લો : પાલી, રાજસ્થાન, ફોન નં.૦૨૯૩૪-૨૨૨૫૭.

૮૨. શ્રી પાલી તીર્થ - શ્રી નવલખા પાર્શ્વનાથ ભગવાન

રાજસ્થાન પાલી શહેરમાં આ જિનાલય આવેલું છે. વિ.સં. ૯૬૯માં પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે માંત્રિક પ્રકાંડ વિદ્વાન યશોભદ્રસુરીશ્વરજી દ્વારા મંત્ર શક્તિથી અહીં ઘી લાવ્યા, વેપારીના પૈસા ચૂકવવા સંઘના શ્રાવકો ગયા ત્યારે વેપારીએ પૈસા લેવાની ના પાડી અને કહ્યું શુભ કાર્યમાં પોતાની લક્ષ્મીનો ઉપયોગ થતો જોઈ ખૂબ પ્રસન્ન થઈ પોતાને કૃતાર્થ માનવા લાગ્યો. આ ઘીની કિંમત રૂા.૯ લાખ હતી અને તે રૂપિયાથી અહીં મંદિર બન્યું. જે નવલખા મંદિર કહેવાયું. અહીં પ્રાચીન કલાકૃત્મક મૂર્તિઓ દર્શનીય છે.

શ્રી નવલચંદ સુવ્રતચંદ જૈન પેઢી

ગુજરાતી કટલા, પાલી-૩૦૬૪૦૧, જિલ્લો ઃ પાલી, રાજ્ય ઃ રાજસ્થાન ફોન નં. ૦૨૯૩૨-૨૨૧૯૨૯/૨૨૧૭૪૭.

૮૩. શ્રી કાપરડાજી તીર્થ - શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ ભગવાન

વિ.સં.૧૬૭૪માં માગશર વદ-૧૦ને પ્રભુના જન્મ કલ્યાણકના દિવસે શુભ અવસરે ભુગર્ભમાંથી આ પ્રતિમાજી પ્રગટ થયા હતા. વિ.સં. ૧૬૭૮માં આ જિનચંદ્રસૂરીજીના શુભહસ્તે આ પ્રભુની પ્રતિષ્ઠા થઈ હતી, તેઓ ઉલ્લેખપ્રતિમાજી પરથી મળે છે. ત્યારબાદ પ.પૂ.આ.નેમિસૂરિશ્વરજી મ.સા. દ્વારા આ મંદિરનો જીર્ણોદ્ધાર શરૂ કરાયો અને સુવ્યવસ્થા કરાવી. વિ.સં. ૧૯૭૫માં મહા સુદ-૫ના રોજ અન્ય ૧૫ પ્રતિમાજી પણ પ્રતિષ્ઠિત કરવામાં આવી. શિખરના ચાર માળમાં ચૌમુખજી બિરાજમાન છે એ ખાસ વિશિષ્ટ છે. લગભગ ૯૫ ફુટ ઉંચા શિખરોની નિર્માણકલા ભવ્ય છે. સભામંડપની આકર્ષક પૂતળીઓ ગુંબજની છત, રંગમંડપ સ્તંભ વગેરેની શિલ્પકલા અજોડ છે. મૂળનાયક પાર્શ્વપ્રભુ લીલાવર્ણમાં ડબલ ફણાયુક્ત શોભી રહ્યા છે. ચાર માળનું જિનાલય સુંદર શોભી રહેલું છે.

શ્રી જૈન શ્વેતામ્બર પ્રાચીન તીર્થ,

પોસ્ટ ઃ કાપરડાજી - ૩૪૨૬૦૫, તેહસીલ, બીલાડા, જિલ્લો ઃ જોધપુર, રાજસ્થાન ફોન ઃ ૨૬૩૯૦૯/ ૨૬૩૯૪૭.

૮૪. શ્રી મેડતા રોડ તીર્થ - શ્રી ફળવૃદ્ધિ પાર્શ્વનાથ ભગવાન

શ્યામવર્ણની આ પ્રાચીન પ્રતિમાજી અત્યંત ચમત્કારી છે. જેના ભાવપૂર્વક દર્શન કરવાથી ભાવનાઓ ફળીભૂત થાય છે. પ્રતિમાજી રેતી અને માટીના બનેલા છે જે કે વિશિષ્ટતા છે. રાજસ્થાનના પ્રાચીન  તીર્થોમાંનું આ એક મહિમાવંત તીર્થ છે. ૧૪મી સદીમાં જિનપ્રભસૂરીજી દ્વારા લખાયેલ વિવિધ તીર્થ કલ્પમાં જણાવ્યા મુજબ અહીંના જિનપ્રભસુરીજી દ્વારા લખાયેલા  વિવિધ તીર્થ કલ્પમાં જણાવ્યા મુજબ અહીંના ધાંધલ શ્રેષ્ઠીને અધિષ્ઠાયક દેવે સ્વપ્નમાં સંકેત આપ્યો અને તે સંકેત મુજબ તપાસ કરતા ચમત્કારિક પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાજી પ્રાપ્ત થયા પૂ.આ.ધર્મઘોષસુરીજીએ સંઘને આદેશ અપી પુનઃ પ્રતિષ્ઠા કરાવી છે.

શ્રી ફળવૃદ્ધિ પાર્શ્વનાથ તીર્થ ટ્રસ્ટ

પોસ્ટ ઃ મેડતા રોડ-૩૪૧૫૧૧, જિલ્લો ઃ નાગોર, રાજ્ય ઃ રાજસ્થાન.

ફોન ઃ ૦૧૫૯૧-૨૭૬૨૨૬.

૮૫. શ્રી મેડતાસીટી તીર્થ - શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન

આજનું મેડતા પૂર્વકાળમાં મેદિનીપુર કે મેડતાપુર નામથી ઓળખાતી પ્રાચીન નગરી છે. આ નગર બારમા સૈકાથી પણ વધુ પ્રાચીન હોવાના પ્રબળ પુરાવા પ્રાપ્ત થયા છે. અહીંના હજારો બ્રાહ્મણો અને કડમડ  નામના યક્ષને સૂરિદેવે પ્રતિબોધ્યા હતા. તેમના ઉપદેશથી અહીં શ્રી મહાવીર સ્વામી પ્રભુના મનોહર ચૈત્યનું નિર્માણ થયું હતું. અહીંનો સુલતાન જૈન મંદિરો પાસેથી કર ઊઘરાવતો હતો. પૂ. સૂરિદેવે અહીંના  સુલતાનને પ્રતિબોધ કરી પ્રતિબંધો દૂર કરાવ્યા. તેને જૈન ધર્મનો રાગી બનાવ્યો. શ્રી સિંહવિમલ ગણિને મોટા મહોત્સવ પૂર્વક અહીં ઉપાધ્યાય પદવી આપવામાં આવી. પં. મહિમા રચિત “ચૈત્ય પરિપાટી”માં અહીંના ૧૦ જિનાલયોનો પરિચય આપ્યો છે.

શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ જૈન મંદિર

ઠે. શ્રી પાર્શ્વનાથની વાડી મુ.પો. મેડતાસિટી, જિ. નાગોર(રાજસ્થાન)

૮૬. શ્રી મુંડારા તીર્થ - શ્રી મંડોવરા પાર્શ્વનાથ ભગવાન

આ ગામના એક શ્રાવકને પરમાત્માના દર્શન બાદ જ જમવાનો નિયમ હતો. પોતાના નિયમના પાલન અર્થે તે રોજ પાંચ માઈલ દૂર આવેલા ગામે દર્શનાર્થે જતો. તેના આ નિયમ પાલનની નિષ્ઠાથી પ્રભાવિત  થઈને અધિષ્ઠાયક દેવે તેને સ્વપ્નમાં દર્શન આપ્યાં. આ નિર્ધન જૈનની મૂંઝવણને પામીને તેને દેવે સ્વપ્નમાં મૂંઝવણ નિવારણનો અને સંપત્તિ પ્રાપ્તિ માટેનો પણ ઉપાય બતાવ્યો. સ્વપ્નસૂચિત સ્થળે કેરડાના વૃક્ષ તળેથી આ શ્રાવકને શ્રી પાર્શ્વનાથના મનોહર બિંબને પ્રગટ કર્યું. પરમાત્માને જોઈને મન મોરલો નાચી ઉઠ્યો. દેરાસરના નિર્માણ કાર્ય માટે સંપત્તિની સમસ્યાનો ઉકેલ તો અધિષ્ઠાયકદેવે સ્વપ્નમાં સૂચવ્યો જ હતો. તે અનુસાર જવનો ટોપલો ભરીને રાત્રે તે સૂચિત સ્થાને મૂકી આવ્યો. સવારે ટોપલો લેવા ગયો તો બધા જ જવ સુવર્ણમય બની ગયા હતા. તે સુવર્ણનો વ્યય કરીને તેણે આરસનો

ભવ્ય જિનપ્રસાદ બંધાવ્યો. શ્રી નયસંદર કૃત 'શ્રીેખેશ્વર પાર્શ્વનાથ છંદ'માં પણ શ્રી પાર્શ્વપ્રભુના આ નામનો ઉલ્લેખ છે.
શ્રી મંડોવરા પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર તીર્થ

મુ. મુંવાડા તા. સોજત, જિલ્લો ઃ પાલી, વાયા ઃ ચંડાવલ(રાજસ્થાન)

૮૭. શ્રી કરેડા પાર્શ્વનાથ ભગવાન

વંદના દુર્વાસનાઓનું ખંડન કરનારૂ છે. આ પ્રભુજી પસને બિરાજમાન છે. ૨૯ ઇંચ ઊંચા છે અને ૨૭ ઇંચ પહોળા છે. "કરહેટક" 'કરહડા' કે 'કરહેડા' જેવા અન્ય નામોને પણ ધારણ કરતું તીર્થ સૈકાઓથી તેના પ્રભાવને વિસ્તારી રહ્યું છે. સંવત ૮૬૧માં ઓસવાલ વંશીય શ્રેષ્ઠી શ્રી ખિમસિંહ શાહે આ તીર્થમાં શ્રી કરહેડા પાર્શ્વનાથનો ભવ્ય જિનપ્રસાદ બંધાવ્યો. આચાર્યશ્રી જયાનંદસૂરીશ્વરજીના શુભ હસ્તે આ જિનપ્રસાદમાં શ્રી કરહેડા પાર્શ્વનાથના અલૌકિક જિનબિંબને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યું હતું. આ જિનાલય જીર્ણ થતાં વિ.સં. ૧૦૩૯માં પુનઃ તેનો જીર્ણોદ્ધાર થયો. બાવન મનોહર દેવકુલિકાઓથી યુક્ત જીર્ણોદ્ધત નૂતન જિનપ્રસાદની સંડેરક ગચ્છના સંમર્થ આચાર્યશ્રી યશોભદ્રસૂરિનાવરદ હસ્તે પ્રતિષ્ઠા થઈ. સં. ૧૬૫૬માં આ તીર્થનો પુનઃ જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. તે પ્રસંગે પૂર્વાભિમુખ આ જિનપ્રસાદની પૂર્વ તરફની દીવાલમાં એક છિત્રની એવી વિશિષ્ટ રચના કરવામાં આવેલી કે જેની પ્રભુ પાર્શ્વસ્વામીના જન્મ કલ્યાણકના પુનિત દિવસે સૂર્યના કિરણો પરમાત્માના દેહની સ્પર્શના કરતાં. પરંતુ પુનઃ જીર્ણોદ્ધાર થતાં વર્તમાનમાં તે મુજબ કિરણો સ્પર્શતા નથી. મુસ્લિમ આક્રમણોથી રક્ષણ કરવા આ જિનપ્રાસાદની ઉપર મસ્જિદનો આકાર ઉસ્થિત કરવામાં આવ્યો હતો. તાજેતરમાં જ આ પ્રાચીન જિનપ્રાસાદનો છેલ્લો જીર્ણોદ્ધાર થયો છે. સં. ૨૦૩૩ મહાસુદ ૧૩ દિને પૂ. આચાર્યદેવશ્રી સુશીલસૂરીશ્વરજીના શુભ હસ્તે આ પ્રતિમાની ભવ્ય મહોત્સવ પૂર્વક પ્રતિષ્ઠા થઈ. શ્રી કરેડા પાર્શ્વનાથનું તીર્થ ભૂપાલ સાગર છે. અહીંનું રેલવે સ્ટેશન મંદિરથી ૧ કિ.મી. દૂર છે. ઉદયપુર ચિતોડ રેલવે માર્ગ પર આવેલું આ તીર્થ ચિતોડથી અને ઉદયપુરથી ૭૦ કિ.મી. દૂર છે.

શ્રી કરેડા પાર્શ્વનાથજી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તીર્થ

મુ.પો. ભૂપાલસાગર. જિ. ચિતોડગઢ, રાજસ્થાન ઃ ૩૧૨૨૦૪.

૮૮. શ્રી વહી તીર્થ - શ્રી વહી પાર્શ્વનાથ ભગવાન

આ મંદિરનું નિર્માણ લગભગ ૧૧૦૦ વર્ષ પહેલાં થયાનો ઉલ્લેખ મળે છે. મંદિર નિર્માણ બાદ હજુ સુધી કોઈ જીર્ણોદ્ધાર થયો નથી. આજે પણ જીર્ણોદ્ધારની જરૂરત હોય તેવું લાગતું નથી આ પણ એક ચમત્કાર કહેવાય છે. મંદિરની નિર્માણ શૈલી તથા પ્રતિમાજીની નિર્માણ શૈલી તેની પ્રાચીનતાનાં દર્શન કરાવે છે. આ સિવાય એક બીજું મંદિર આવેલું છે, જ્યાં વર્ધમાન ભૂત અને ભવિષ્યના તીર્થંકરોની પ્રતિમાજી તથા અધિષ્ઠાયક દેવદેવીઓની પ્રતિમાજી દર્શનીય છે. મંદિરની નિર્માણશૈલી કિલ્લા આકારની છે. આવી બાંધણી બહુ જ ઓછી જગ્યાએ જોવા મળે છે.

શ્રી વહી પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન મંદિર પેઢી

પોસ્ટ : વહી-૪૫૮૬૬૪, સ્ટેશન : પિપલીયા મંડી,

જિલ્લો : મંદસૌર, મધ્યપ્રદેશ. ફોન : ૦૭૪૨૪-૨૪૧૪

૮૯. શ્રી સમીનાખેડા તીર્થ - શ્રી સમીના પાર્શ્વનાથ ભગવાન

આઠમા સૈકાની એક ધાતુ-પ્રતિમા સમીનાખેડામાંથી મળી આવી હતી. તેથી આ તીર્થની પ્રાચીનતા પર કાંઈક પ્રકાશ પડે છે. ખરતગચ્છના સમર્થ આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિ અને દાદાસાહેબ શ્રી જિનકુશળસૂરિની જ જન્મભૂમિ સમીના ખેડા છે. સં.૧૯૯૦માં આ પ્રાચીન તીર્થની પુનઃ પ્રતિષ્ઠા બાદ સં. ૨૦૨૫માં જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. ૧૯માં સૈકામાં થયેલા શ્રી હેમકવિએ એક કાવ્યમાં શ્રી સમીના તીર્થનું મનોહર આલેખન કરેલું છે.

શ્રી સમીના પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન દેરાસર

મુ. સમીનાખેડા, જિ. ઉદેપુર(રાજસ્થાન)

૯૦. શ્રી ઉદયપુર તીર્થ - શ્રી ચંદા પાર્શ્વનાથ ભગવાન

ઉદયપુર ચારે તરફ મોટા ડુંગરાઓથી ઘેરાયેલું છે તેથી કુદરતી સૌંદર્ય કિલ્લાઓથી જ રક્ષાયેલું છે. ૪૦ જેટલા જિનાલયો અને લગભગ ૪૦૦૦૦ની જૈન વસ્તી ધરાવતું ઉદયપુર જૈનોનું મહત્ત્વનું તીર્થધામ છે. અહીં પેલેસ રોડ પર શ્રી ચંદાપાર્શ્વનાથજીનું ઘુંમટબંધ પ્રાચીન જિનાલય મોજુદ છે. મૂળનાયક શ્રી ચંદાપાર્શ્વનાથજી ૫ સં. ૧૩૨૫ના શિલાલેખ છે. ચિતોડ, ડુંગરપુર, સમીના, કેશરિયાજી, કરેડા વગેરે તીર્થો નિકટમાં આવેલા છે.

શ્રી ચંદા પાર્શ્વનાથ શ્વતામ્બર જૈન દેરાસર

થટેરા ગલીની બહાર, પેલેસ રોડ, ઉદયપુર(રાજસ્થાન) પીન : ૪૬૪૭૭૦.

૯૧. શ્રી નાગેશ્વરજી તીર્થ - શ્રી પાર્શ્વનાથ ભગવાન

મળતા પ્રાચીન ઈતિહાસ મુજબ આ તીર્થ ૧૨૦૦ વર્ષ પ્રાચીન હોવાનું કહેવાય છે. પાર્શ્વનાથ ભગવાનની આ પ્રતિમાજી પાર્શ્વનાથ જીવનકાળમાં અધિષ્ઠાયક શ્રી ધરણેન્દ્રદેવ દ્વારા નિર્મિત હોવાની માન્યતા છે. આ પ્રાચીન મંદિર જીર્ણ અવસ્થામાં હતું જેની દેખરેખ એક સંન્યાસી કરી રહ્યા હતા ત્યારબાદ જૈન સંઘ આનો કારોબાર હાથમાં લઈ છેલ્લા ૩૦ વર્ષથી આ તીર્થને પ્રચલિત કરી દીધું છે. પાર્શ્વનાથના દેહ પ્રમાણે નવ હાથ ઊંચી (૧૩.૫ ફુટની) પ્રતિમાજીના દર્શન થતાં જ મન પ્રસન્ન થઈ જાય છે અને ભક્તિભાવ જગાડે છે. અહીં અધિષ્ઠાયક દેવ સાક્ષાત દર્શન આપે છે. અનેક વખતે સર્પના રૂપમાં પ્રતિમાજીને વિંટળાયેલા દર્શન આપે છે. અહીં અનેક ચમત્કારી ઘટનાઓ બને છે. અતિ પ્રભાવિત અને ચમત્કારીક હોવાને કારણે આ તીર્થ ઘણું જ પ્રસિદ્ધ બન્યું છે. જિનાલયની ભમતીમાં નવનિર્મિત ચોવીશ જિનાલય શોભી રહ્યાં છે. ટ્રસ્ટીવર્ય દીપચંદભાઈ જૈનના પ્રયાસથી તીર્થ ઘણો વિકાસ સાધ્યો છે. શ્રી નાગેશ્વર પાર્શ્વનાથની

વિશેષતા નીચે મુજબ છે. સંભવતઃ આ પ્રતિમાજીનું નિર્માણ શ્રી પાર્શ્વનાથના જીવનકાળ દરમિયાન થયેલ છે. પાષાણની અપેક્ષા રત્નોંથી નિર્મિત પ્રતિમાઓ સર્વ શ્રેષ્ઠ છે, કહેવામાં આવે છે, પહેલા આ પ્રતિમા મરકત માણિની હતી. ભગવાન પાર્શ્વનાથના મૂળ શરીરના માપ (૯ હાથ = ૧/૨ ફુટ)ની પ્રતિમા, તેવું જ નીલ વર્ણ, તેવોજ આકાર અને તેવા જ મોહક સ્મિતમુખી કાર્યોત્સર્ગ મુદ્રામાં બનેલી આ પ્રતિમા કોઈ પ્રભુજીને પ્રત્યક્ષ જોનાર જ બનાવીશકે તેમ જ છે. એટલે કે આ પ્રતિમાજી ધરણેન્દ્રે જ બનાવી છે. . તેનું આ પ્રમાણ કહી શકાય. સૌથી પહેલા આ પ્રતિમાજી અહીંચ્છત્રા નામની નગરીના સુવર્ણમંદિરમાં સ્થાપિત થઈ હતી. આ નગરી પ્રભુજીના જીવનકાળમાં જ પ્રવર્તમાન હતી.ધર્મશાળા તથા ભોજનશાળાની અહીં સુંદર સુવિધા છે.

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર તીર્થ પેઢી

પોસ્ટ : ઉન્હેલ, જિલ્લો : ઝાલાવાડ(રાજસ્થાન) સ્ટેશન : ચૌમહલા

૯૨. શ્રી રાવણ પાર્શ્વનાથ ભગવાન

૧૩ ઈંચ ઊંચા, ૯ ઈંચ પહોળા, સાત ફણાલંકૃત, પદ્માસને પદ્માસને બિરાજમાન આ શ્વેત સ્વામીની મનોહર મુખાકૃતિનું વર્ણન કરવા ઉપમાઓની ખોજ માટે ચોમેર આથડયો. આ પ્રાચીન જિનાલય પંદરમાં સૈકા સુધી વિદ્યામાન હતું. પંદરમાં સૈકામાં શ્રેષ્ઠી રામસિંહે સંઘસહિત શ્રી રાવણતીર્થની યાત્રા કરી. સંઘપતિ પદ પ્રાપ્ત કર્યું હતું. ત્યારબાદ તે જિનાલય જીર્ણ થતાં સં. ૧૬૧૪માં શ્રેષ્ઠી હીરાનંદે અલવરમાં નૂતન જિનાલયનું નિર્માણ કરાવ્યું અને શ્રી રાવણ પાર્શ્વનાથનું નૂતનબિંબ ભરાવી પ્રતિષ્ઠિત કરાવ્યું. આગ્રાના શ્રેષ્ઠી શ્રી હીરાનંદજી નિર્મિત શ્રી રાવણ પાર્શ્વનાથ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૬૫૪ના મહા વદ ૧૩ને શનિવારે ખરતર ગચ્છના આદ્યપક્ષીય જિનચંદ્રસૂરિના આદેશથી વાચક રંગકળશે કરી હતી. સંવત ૧૯૮૩ના મહા સુદ ૫નાં દિને પૂ. આચાર્યદેવ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના હસ્તે આ તીર્થની પુનઃપ્રતિષ્ઠા થઈ હતી.રાણની ટેકદૃઢતાની સુવાસ ચોમેર પ્રસરાવતું પ્રભાવ સંપન્ન શ્રી રાવણ પાર્શ્વનાથ તીર્થ આજે પણ વિદ્યામાન છે. વિક્રમના દશમના સૈકામાં થયેલા રાણાઅલ્વર રાજાએપોતાના નામ પરથી 'અલ્વર પુર' વસાવ્યું હોવાનું કહેવાય છે.શ્રી રાવણ પાર્શ્વનાથનું મુખ્ય તીર્થ અલવર છે. તદુપરાંત શ્રી જીરાવલા તીર્થની ૩૨મી દેરીમાં પણ શ્રી રાવણ પાર્શ્વનાથની મનોહર મૂર્તિ બિરાજમાન છે. રાજસ્થાનમાં આવેલું અલવર મોટું શહેર અને જિલ્લાનું ગામ છે. રેલવે સ્ટેશનથી શહેર ૩ કિ.મી. દૂર છે. અલવર શહેરથી આ તીર્થ ૩ કિ.મી. દૂર છે. ગામમાં જૈનોની વસ્તી જૂજ છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું મંદિર ધાબાબંધી છે. થોડા વર્ષો પૂર્વે તેનો જિર્ણોદ્ધાર થયેલો છે. આ તીર્થ અત્યંત પ્રભાવસંપન્ન છે.

શ્રી રાવણ પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ

મુ. અલવર(રાજસ્થાન)

૯૩. શ્રી મથુરા તીર્થ - શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ ભગવાન

પૂર્વ આ નગરી ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી હતી. તેને ફરતા કોટને યમુનાના પાણી આલિંગન કરતાં હતાં. દેવાલયો અને જિનાલયોથી આ નગરી શોભતી હતી. ધવલગૃહો અને હાટો આ નગરીના અલંકાર હતા. વાવો અને કુવાઓથી તીર્થંકર શ્રી સુપુર્શ્વનાથના સમયથી આ નગરીને જૈનોના પવિત્ર તીર્થધામ બનવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું. શ્રીકૃષ્ણવાસુદેવના જન્મથી આ નગરી ગૌરવવંતી બનેલી છે, શ્રી પુર્શ્વનાથ પ્રભુ અને શ્રી વીર પ્રભુના ચરણસ્પર્શથી આ ભૂમિમાં પાવિત્ર્ય પુરાયું છે. અંતિમ કેવલી શ્રી જંબુસ્વામીનું નિર્માણ મથુરામાં થયું હતું. ખોદકામ કરતા કેટલાક સૈકા પૂર્વે શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથન મ પાર્શ્વનાથનાથનું આ બિંબ મળી આવ્યું હતું. મથુરા મંડન આ "શ્રી મથુરા પાર્શ્વનાથ" નામથી પણ ઓળખાય છે.

શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ

૭૬૨, ધીઆમેડી, મથુરા (ઉત્તર પ્રદેશ) પીન : 281001.

૯૪. શ્રી કુર્કટેશ્વર તીર્થ - શ્રી પાર્શ્વનાથ ભગવાન

આ તીર્થ ૨૮૬૦ વર્ષ પૂર્વેનું હોવાનું કહેવાય છે. અહીંથી નજીકના રાજપુરના રાજાએ શ્રી પાર્શ્વનાથના સમયે આ નગર વસાવ્યું હોવાનું કહેવાય છે અને તે વખતે મંદિરનું નિર્માણ કરી કુર્કટેશ્વર પાર્શ્વનાથ ભગવાન બિરાજીત કરઢયા અને નગરનું નામ કુર્કટેશ્વર રાખ્યું. કલ્પસૂત્ર ગ્રંથમાં વર્ણવેલ પ્રસંગો મુજબ પ્રભુ પાર્શ્વનાથ ભગવાન છદ્મસ્થ અવસ્થામાં વિચારતા હતા ત્યારે કલિકુંડ, કુર્કટેશ્વર વિગેરે થોડા તીર્થોની સ્થાપના થઈ હતી તે કુર્કટેશ્વર આ જ સ્થાન માનવામાં આવે છે. સમયે સમયે આ તીર્થનો જીર્ણોદ્ધાર થયો છે વિ.સં. ૧૬૭૬માં પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ મળે છે. સમયે સમયે ચમત્કારિક ઘટનાઓ બનવાના ઉલ્લેખ છે. પ્રભુજીની પ્રતિમાજી અલૌકિક છે પ્રતિમાજીના દર્શન થતા જ મન પ્રસન્ન થઈ જાય છે.

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રી સંઘ

પોસ્ટ : કુર્કટેશ્વર -૪૫૮૧૧૬, જિલ્લો : નીમચ, મધ્યપ્રદેશ ફોન (પી.પી.) ૦૭૪૨૧-૩૧૨૪૧-૨૩૧૩૪૩.

૯૫. શ્રી ઉન્હેલ તીર્થ - શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન

આ ગામનું પ્રાચીન નામ તોરણ હતું જ્યારે શ્રી જન્મેજયે નાગદામાં નાગયજ્ઞ કર્યો હતો. ત્યારે ચારે દિશામાં તોરણદ્વાર બાંધવામાં આવ્યા હતા. ત્યારે એક તોરણ અહીં પણ બંધાયું હતું. ત્યારબાદ ત્યાં ગામ વસ્યું હતું તેથી તેનું નામ તોરણ પડ્યું ત્યારબાદ વખત જતાં તે ઉન્હેલ નામે પ્રચલિત થયું. મંદિરમાં ઉપલબ્ધ ૧૦મી અને ૧૧મી સદીના અવશેષો પરથી કહી શકાય કે આ તીર્થ ૧૦મી સદીથી પહેલાનું છે. અહીં પણ અનેકવાર જીર્ણોદ્ધાર થયો હશે. છેલ્લો જીર્ણોદ્ધાર વિ.સં. ૧૭૦૦માં શ્રી ઉન્હેલ શ્રી સંઘ દ્વારા કરવામાં આવ્યો હતો હાલમાં

પણ જીર્ણોદ્ધાર કાર્ય ચાલુ છે. અહીં અમીઝરણા તથા જિનાલયમાં વાંજીત્રોના નાદ સંભળાવવા જેવી અનેક ચમત્કારી ઘટનાઓ બનતી રહે છે. પ્રતિમાજીના દર્શન કરતા જ મન પ્રસન્ન થઇ જાય છે.

શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘની પેઢી

પોસ્ટ : ઉન્હેલ : ૪૫૬૨૨૧, જિ : ઉજ્જૈન, મધ્યપ્રદેશ ફોન : ૦૭૩૬૬-૨૨૦૨૫૮ / ૨૨૦૨૩૭.

૯૬. શ્રી ઉજ્જૈન તીર્થ - શ્રી અવન્તી પાર્શ્વનાથ ભગવાન

ક્ષીપ્રા નદીના કિનારે ઉજ્જૈન શહેરમાં આ જિનાલય આવેલું છે. આ નગરનું પ્રાચીન નામ અવન્તીકા, પુષ્કરંજી વગેરે હતું. આ તીર્થનું કાળક્રમે ઘણીવાર પતન તેમજ ઉદ્ધાર થયો છે. જુદા જુદા સમયે શાસન પર પ્રભાવ પાડનાર આચાર્ય ભગવંતોએ પોતાની અમૂલ્ય શક્તિનો ઉપયોગ કરી આ તીર્થનો મહિમા વધાર્યો છે. અગિયારમી સદીમાં શ્રી શાંતિસૂરીજીએ વિદ્યાપ્રેમી પરમાસ્વંશના રાજા ભોજના દરબારમાં ૮૪ વાદિઓએ જીતીને ખૂબ જ સન્માન મેળવ્યું હતું આ રીતે જૈન ધર્મની પ્રચાર-પ્રસાર સંબંધની ઘણી ઘટનાઓ આ તીર્થ સાથે જોડાયેલી છે. અહીં આ સિવાય અન્ય ૨૪ મંદિરો છે. પ્રભુ પાર્શ્વનાથજી અલૌકિક અને અજોડ છે.

શ્રી અવન્તી પાર્શ્વનાથ તીર્થ જૈન શ્વે.મૂ.પૂ.મારવાડી સમાજ ટ્રસ્ટ

અનંત પેઠ, દાની દરવાજા, પોસ્ટ ઃ ઉજ્જૈન-૪૫૬૦૦૧

રાજ્ય ઃ મધ્યપ્રદેશ ફોન ઃ ૦૭૩૪-૫૫૫૫૫૩ (ટ્રસ્ટ કાર્યાલય)

૯૭. શ્રી અલૌકિક તીર્થ - શ્રી અલૌકિક પાર્શ્વનાથ ભગવાન

હસામપુરા ગામની મધ્યમાં આ જિનાલય આવેલું છે. મંદિરના પ્રાચીન કલાત્મક અવશેષ, સ્તંભ અને પરિકર વગેરેના અવલોકનથી જણાય છે કે આ મંદિર વિક્રમની ૧૦મી સદી પહેલાનું હશે જીર્ણોદ્ધાર વિ.સં.૧૬૪૯માં થયાનો ઉલ્લેખ છે. હમણાં પણ જીર્ણોદ્ધારનું કાર્ય ચાલુ છે. રાજ વિક્રામાદિત્યના સમયમાં આ ઉજ્જૈન નગરીનો એક મહોલ્લો હતો અને રાજા વિક્રમાદિત્યનો મહેલ અહીં હતો તેથી નજીક રાણીનો મહેલ છે. જેને આજે રાણીકોટ કહે છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા અલૌકિક અને કલાત્મક છે. પ્રતિમાની હસ્તમુદ્રા નીચે નાગ-નાગણીની જોડી વીંટાયેલી છે જે અલૌકિક છે.

શ્રી અલૌકિક પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર પેઢી, હસામપુરા

પો. તલોદ : ૪૫૬૦૦૬, જિલ્લો : ઉજ્જૈન, મ.પ્ર.ફોન : ૦૭૩૪-૨૬૧૦૨૦૫-૨૬૧૦૨૪૬.

૯૮. શ્રી મક્ષી તીર્થ - શ્રી પાર્શ્વનાથ ભગવાન

આ પ્રભુ પ્રતિમા ઘણી જ પ્રાચીન મનાય છે. ઇ.સ. દશી સદીમાં પરમાર રાજાઓ દ્વારા આ તીર્થ બંધાયાનો ઉલ્લેખ છે. અગીયારમી સદીના મહમદ ગઝનીએ જ્યારે ભારતભરમાં અનેક મંદિરો લુંટ્યાં ત્યારે અહીં પણ આવેલો પરંતુ અહીં આવ્યા પછી તે માંદગીમાં સપડાયો ત્યારે તેને આ મંદિરને કોઈ ક્ષતિ પહોંચાડવી નહીં તેવો આદેશ શાસનદેવે આપેલો એટલે કે આ પ્રતિમાજી ચમત્કારિક કહેવાય છે. બીજી એક લોકવાયકા મુજબ એક વખત પ્રભુના છત્રધારક ધરણેન્દ્ર દેવે પોતાની ફેણમાથી દૂધની ધારા વહાવી હતી જેથી મંદિરના મૂળ સ્થાનમાં દૂધ ભરાયું હતું..આ ચમત્કારી ઘટનાના અનેકોએ દર્શન કર્યા હતાં. પ્રભુ પ્રતિમાનું શિલ્પ સૌંદર્ય અલૌકિક છે.

શ્રી આણંદજી કલ્યાણજી પેઢી- શ્રી મક્ષી પાર્શ્વનાથજી જૈન શ્વે.મંદિર

પોસ્ટ : મક્ષી : ૪૬૫૧૦૬, જિ. રાજાપુર, મ.પ્ર. ફોન : ૦૭૩૬૩-૨૩૨૦૩૭.

૯૯. શ્રી ઉવસગ્ગહરં તીર્થ - શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ ભગવાન

મધ્યપ્રદેશમાં દુર્ગ શહેરથી દૂર નગપુર ગામ પાસે શિવનાથ નદીની પાવન ધરા પર કલરવ કરતા પ્રાકૃતિક વાતાવરણમાં ઉવસગ્ગહરં પાર્શ્વપ્રભુનું ભવ્યાતિભવ્ય તીર્થ આવેલું છે. ગગનચુંબી ત્રણ ભવ્ય શિખરોથી શોભતા આ મંદિરની જમણી બાજુ કલ્યાણ મંદિર, ડાબી બાજુ નમિઉણ મંદિર, પદ્માવતી માતા તેમજ માણીભદ્રવીરનું મંદિર છે. કલ્યાણ મંદિરમાં કાર્યોત્સર્ગ કલ્યાણ પાર્શ્વનાથ ભગવંત છે. પાર્શ્વનાથ ભગવાનના દશ ભવ નયનરમ્ય છે. મૂળનાયક શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ ભગવાન ખૂબ જ નયનરમ્ય છે. શ્યામવર્ણી મૂર્તિના દર્શન કરતા આત્મા ભાવવિભોર બની જાય છે. આવી સુંદર અલૌકિક અંગેઅંગમાં સ્ફુરણા પ્રગટ કરનાર પ્રભુજીની પ્રતિમા નજીક ઉગના ગામમાંથી મળી આવી છે. ઉત્તરપ્રદેશમાં ગંડક નદીના કિનારા પર પહાડોની વચ્ચે ઉગના ગામનાં ભુવનસિંહને ખેતરમાં ખાડો ખોદતા ૫૦ ફુટ ઊંડે ખોદતાં ખાડો દૂધથી ભરાઈ ગયો. જેમાંથી શ્યામવર્ણની આ અલૌકિક પ્રતિમાજી મળી આવ્યાં. સાત ભાવિકોને સ્વપ્ન આવ્યું કે પ્રતિમાજી શ્રી નગપુરા ગામમાં ઉવસગ્ગહરં તીર્થમાં તીર્થાધિપતિ બનશે માટે આ મૂર્તિ રાવલમલજી ‘મણી’ને સોંપે દો. ત્યારબાદ આ પ્રતિમાજી દુર્ગ લાવવામાં આવ્યા હતા. જ્યારે નાળા પાસે રસ્તામાં મેટાડોર અટકી પડી. આગળ જાય જ નહીં. રાવલમલજીએ પ્રભુ પાર્શ્વનાથ અહીં બિરાજમાન થશે કહેવાની સાથે જ મેટાડોર ચાલુ થઈ ત્યાં ખોદકામ કરતા પ્રાચીન પાર્શ્વપ્રભુના પગલા નીકળ્યાને આજે પણ મંદિરમાં આગળ જ બિરાજમાન છે. જીવંત સર્પ સહિત નીકળેલ આ પ્રભુજી સૌના માટે આશ્ચર્ય, આસ્થા, ભક્તિનું અપૂર્વ આલંબન બની રહ્યા

છે. આ જિનાલયથી પ્રતિષ્ઠા પ.પૂ.આ. રાજ્યશસૂરિશ્વરજી મ.સા.ના કરકમલો દ્વારા સંપન્ન થઈ છે. જ્યાં ૨૦ વર્ષ પહેલાં માત્ર ખેતર અને જંગલ હતું ત્યાં આજે જિનભક્તિનું રમ્ય નંદનવન બની ગયું. ધર્મશાળા, ભોજનશાળાની પણ સુંદર વ્યવસ્થા આ તીર્થમાં છે. શ્રી મણિભદ્રવીરનો પણ આ તીર્થમાં ખૂબ મહિમા છે.

શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ તીર્થ, મુ. નાગપુર જિલ્લો ઃ દુર્ગ,(મ.પ્રદેશ)

૧૦૦. શ્રી વારાણસી તીર્થ - શ્રી વારાણસી પાર્શ્વનાથ ભગવાન

વારણા અને અસી નામની બે નદીના સંગમ પર વસેલું વારાણસી આજે બનારસ નામથી પ્રસિદ્ધ છે. પ્રાચીન કાળથી 'કાશી'નામથી આ નગરી જૈન, બૌદ્ધ અને વૈદિક સંસ્કૃતિનું સુભગ સંગમસ્થાન બની રહેલી છે. વિદ્યા અને સંસ્કૃતિનાં ક્ષેત્રે કાશીનું પ્રદાન પ્રાચીન કાળથી સર્વોચ્ચ કક્ષાનું રહ્યું છે. ભોલપુરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનો જન્મ થતા આ નગરીના પ્રતિષ્ઠા ઓર વધી તીર્થંકર પરમાત્માઓનાં કુલ ૧૬ કલ્યાણક ઉજવવાનું મહા સૌભાગ્ય આ નગરીને સાંપડ્યું છે. ભગવાન પાર્શ્વનાથના ચ્યવન, જન્મ દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક અહીં થયા હતાં. તેથી પ્રભુની પ્રથમ દેશના પણ અહીં થઈ હતી. પ્રભુવીરના સમયમાં વારાણસી નગરી મલ્લકી જાતિના રાજાઓની રાજધાની હતી. કહેવાય છે કે આ નગરી શ્રેણિક મહારાજને પહેરામણીમાં મળી હતી. વારાણસી વૈદિક ધર્મનું પણ મહત્વનું તીર્થધામ પ્રાચીન સમયથી છે. કાશી વિશ્વનાથનું પ્રસિદ્ધ મંદિર હિંદુઓનું યાત્રાધામ છે. પ્રભુ પાર્શ્વનાથ સ્વામી તથા પ્રભુવીરના સમયમાં યજ્ઞ-હોમ આદિનો અહીં ખૂબ રિવાજ હતો. પરમાત્મા તથા તેમના શ્રમણોએ અહિંસા ધર્મને ઉપદેશીને યજ્ઞોમાંથી હિંસકતાને દૂર કરી. પૂર્વમાં સમર્થ રીતે વિદ્વાન મુનિપુંગવોએ અહીં રહીને વિશેષ શાસ્ત્રાભ્યાસ કર્યો હતો. આજે પણ કાશી સંસ્કૃતિ વિદ્યાનું મહત્વનું ધામ છે. અહીંનું હિંદુ વિશ્વવિદ્યાલય ભારતભરમાં મોખરાનું સ્થાન ધરાવે છે. જ્યોતિષ, વ્યાકરણ, આયુર્વેદ, દર્શન શાસ્ત્રો આદિ ભારતની પ્રાચીન વિદ્યા પરંપરાનો અણમોલ વારસો ટકાવી રાખનારા પંડિતો આજે પણ મોટી સંખ્યામાં કાશીમાં મોજુદ છે. પ્રભુ પાર્શ્વનાથના ચાર કલ્યાણકોનું એકમાત્ર સ્મારક ભેલૂપુરમાં છે. અજ્ઞાન-કષ્ટ તપના કમઠ યોગીના યજ્ઞમાંથી બનતા સર્પને બહાર કાઢી નવકાર મંત્રનું સ્મરણ કરાવવા દ્વારા શ્રી પાર્શ્વકુમારે તેને ધરણેન્દ્ર પદ સુધી પહોંચાડ્યો. તે ખ્યાતનામ ઘટના વારાણસીમાં જ બની હતી. ભેલપુરમાં ધર્મશાળાની વચ્ચે જ ધામાબંસી જૈન મંદિર સુંદર શોભે છે. ઊંચી બેઠકની છત્રીમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથજી બિરાજમાન છે. વારાણસીના નાથ આ પાર્શ્વનાથ સ્વામી "શ્રી વારાણસી પાર્શ્વનાથ"ના નામથી ઓળખાય છે.

શ્રી વારાણસી પાર્શ્વનાથ શ્વેતામ્બર જૈન તીર્થ

૧૦૧. શ્રી સિદ્ધશિખર તીર્થ – શ્રી સમેતશિખર પાર્શ્વનાથ ભગવાન

આ મહાતીર્થ પર ૨૦ તીર્થંકરો નિર્માણ પામ્યા છે. પરંતુ ૨૩મા તીર્થપતિ શ્રી પાર્શ્વનાથ ભગવાનનો આ મહાતીર્થ સાથે ઋણાનુબંધ વધુ હોય એવું લાગે છે. પ્રભુ પાર્શ્વનાથે ૩૦ વર્ષે દીધા સ્વીકાર્યા દીધા સ્વીકાર્યા પછી ૮૪મા દિવસે કેવળજ્ઞાન પામ્યા છે. ત્યાર પછી પરમાત્મા વારંવાર આ પાવનભૂમિ ઉપર પધાર્યા છે. પરમાત્માના અનેક સમવરણો પણ આ સ્થળ પર રચાયા છે. કેવળજ્ઞાની પરમાત્માની દેશના સાંભળીને અનેક જીવો પ્રતિબોધ પામ્યા છે. માત્ર જૈન જ નહીં જૈનેતરો પણ પ્રભુની દેશનાથી ભાવિત બન્યા છે, એ વાતના સાક્ષી ઈલાકાના આદિવાસી લોકો છે.જેઓ પ્રભુ પાર્શ્વને 'પારસનાથ મહાદેવ, પારસનાથ બાબા' વગેરે અનેક નામોથી સંબોધે છે. તથા પ્રભુ પાર્શ્વનો મહિમા નહીં વિસ્તરેલો છે એનું બીજું એક પ્રમાણ દર સાલ પ્રભુ પાર્શ્વ જન્મકલ્યાણક દિન-પોષ દશમી દશમી એ મોટો મેળો ભરાય છે. જેમાં માત્ર જૈનેતરો પર વિશાળ સંખ્યામાં ઊમટી પડે છે તથા ત્રીજું કારણ ઇસરી રેલવે સ્ટેશનનું નામ જ પારસનાથ સ્ટેશન તરીકે પ્રસિદ્ધ બન્યું છે અને ચોથું કારણ સમેતશિખર તીર્થાધિરાજને 'પારસનાથ પહાડ' તરીકે ઓળખે છે.પાર્શ્વનાથ પરમાત્માએ કેવળજ્ઞાન અવસ્થામાં લગભગ ૭૦ વર્ષ સુધી પૃથ્વીતલને પાવન કરી જ્યારે પોતાનો નિર્વાણકાળ નજીક આવતાં પુનઃ શ્રી સમેતશિખર તીર્થાધિરાજ પર પધારે છે. જ્યાં ૩૩ મુનિવરો સાથે ૧ માસનું અનશન કરી કાર્યોત્સર્ગ મુદ્રામાં શ્રાવણ સુદ-૮ના દિવસે વિશાખા નક્ષત્રમાં શિવરમણીને વરે છે. પાર્શ્વનાથ પરમાત્મા નિર્માણ પામતા શોકાકુલ બનેલા દેવ-દેવેન્દ્રો પરમાત્માનો વિશિષ્ટ નિર્વાણ કલ્યાણક મહોત્સવ કરે છે. પરમાત્મા જે સ્થળેથી નિર્માણ પામ્યા તે સ્થળ 'સુવર્ણભદ્ર ટૂંક' નામે જગવિખ્યાત બને છે. જે ટૂંકનું બીજું નામ ધર્મગાડંબર ટૂંક' પણ છે. આ સુવર્ણભદ્ર ટૂંકની યાત્રા કરનાર ૧ ક્રોડ પૌષધાપવાસ ફળ મેળવે છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુ ૨૨મા તીર્થપતિ શ્રી શ્રી નેમિનાથ ભગવાનના નિર્વાણથી ૮૩,૭૦૦ વર્ષે નિર્માણ પામ્યા છે. ખરેખર શ્રી સમેતશિખર તીર્થાધિરાજ પર ૨૦ જિન નિર્વાણપદને પામ્યા છે એટલે એના અણુ-અણુ પવિત્રતમ તો છે જ. સાથે સાથે આ તીર્થાધિરાજ પર દિવ્ય ઔષધીઓ, રસકુપિકા તથા વિવિધ ધાતુઓ પણ છુપાયેલી છે. જે તજજ્ઞ હોય તે મેળવી શકે, જાણી શકે, પં. જયવિજયજીએ તીર્થમાળામાં તો આગળ વધીને હીરાની તીર્થાધિરાજ પર પણ છે એમ સૂચવ્યું છે.

૧૦૨. શ્રી અંતરીક્ષજી તીર્થ - શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવાન

શિરપુર ગામ નજીક આવેલા આ તીર્થનો અને આ ભવ્ય પ્રતિમાજીનો ઈતિહાસ ઘણો જ પ્રાચીન છે. કહેવાય છે કે રાજા રાવણના બનેવી પાતાળ લંકાના રાજા ખરદુષણ આ પ્રદેશ ઉપરથી વિમાન દ્વારા પસાર થતા.

ભોજનનો સમય થતા અહીં નીચે ઊતર્યા પૂજા માટે પ્રતિમાજી સાથેલાવવાનું ભૂલી ગયા તેથી તેઓએ માટી અને ગોબરની પ્રતિમાજી બનાવી. પૂજાનું કાર્ય પૂર્ણ કર્યું અને નજીકના જલકુંડમાં પ્રતિમાજી પધરાવ્યાં. વર્ષો સુધી પ્રતિમાજી જલકુંડમાં અદૃશ્ય રહી. વિ.સં.૧૧૪૨માં મહા સુદ પના રોજ ટિકાકાર આ પ.પૂ. અભયદેવસૂરીશ્વરજી મ.સા.ના કરકમલો દ્વારા નવનિર્મિત સંઘ મંદિરમાં તેની પ્રતિષ્ઠા થઈ. આ પ્રતિમાજી સાથે અસંખ્ય ચમત્કારીક ઘટનાઓ જોડાયેલી છે. પ્રતિમાજી ખૂબ જ કલાત્મક અને ચમત્કારી મનાય છે. ભક્તોની દરેક મનોકામના પૂર્ણ થાય છે. શ્વેતામ્બર તેમજ દિગંબર બંધુઓ પોતપોતાની વિધિ પ્રમાણે સમયપત્ર પ્રમાણે હંમેશ પૂજા કરે છે.

શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ મહારાજ સંસ્થાન

પોસ્ટ ઃ શિરપુર ૪૪૪૫૦૪ જિલ્લો ઃ વાસિમ, રાજ્ય ઃ મહારાષ્ટ્ર ફોન ઃ ૦૭૨૫૪-૨૩૪૦૦૫.

૧૦૩. શ્રી ભદ્રાવતી તીર્થ - શ્રી કેસરિયા પાર્શ્વનાથ ભગવાન

ભદ્રાવતી શહેરમાં આવેલું તીર્થ અતિ પ્રાચીન મનાય છે. આ તીર્થને ભારતના પુરાતત્ત્વ ખાતાએ રક્ષિત સ્મારક તરીકે જાહેર કરેલું છે. પ્રતિમાનો અડધો ભાગ જમીનમાં દટાયેલો હતો. અંધશ્રદ્ધાથી ગામડાના લોકો તેને કેસરિયા બાબા કહી સિંદુર વગેરે ચઢાવતા ત્યારબાદ આજુબાજુના ગામના જૈનો દ્વારા સરકારને વિનંતી કરતા ઇ.સ.૧૯૧૨માં આ તીર્થસ્થાન સંઘને સુપરત કર્યું. અહીંયા જમીનમાંથી નીકળેલી અનેક પ્રાચીન પ્રતિમાજીઓ દર્શનીય છે. ઉપરાંત ખંડેરમાંથી મળી આવતાં બીજા અવશેષો પણ કલાત્મક છે. મંદિરના ઉપરના ભાગમાં ચતુર્મુખી પ્રતિમા છે. આ એક જ મૂર્તિમાં શ્રી પાર્શ્વનાથપ્રભુ, શ્રી ચંદ્રપ્રભુસ્વામી અને શ્રી આદિનાથ પ્રભુના બિંબ છે એ આ મૂર્તિની વિશિષ્ટતા છે.

શ્રી જૈન શ્વેતામ્બર મંડળ

પોસ્ટ : ભદ્રાવતી, ૪૪૨૯૦૨, જિલ્લો : ચંદ્રપુર

પ્રાંચ : મહારાષ્ટ્ર, ફોન : ૦૭૧૭૫-૨૬૬૦૩૦.

૧૦૪. શ્રી કુંભોજગિરિ તીર્થ - શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાન

પહાડ પર આવેલું આ તીર્થ અતિ રમણીય લાગે છે. ત્યાંના નયનરમ્ય વાતાવરણમાં પ્રભુ પ્રતિમા સમક્ષ મન ભક્તિમાં લીન થઈ જાય છે. પહાડ પરથી દેખાતું નીચેનું દૃશ્ય મનને મુગ્ધ કરી દે છે. આ તીર્થ દક્ષિણ મહારાષ્ટનું શત્રુંજય કહેવાય છે. આ તીર્થનો જીર્ણોદ્ધાર વિ.સં. ૧૯૨૬ના મહા સુદ-૭ના રોજ થયાનો ઉલ્લેખ

છે. અહીં કાર્તિક પૂનમ, ચૈત્ર પુનમ તેમજ માગસર સુદ-૧૦ના રોજ મેળો ભરાય છે. હજારો શ્રદ્ધાળુ ભક્તો દર્શનાર્થે પધારે છે. અહીં સાધુ-સાધ્વી માટે અલગ ઉપાશ્રય તથા આરાધના ભવન પણ છે. તેથી સાધુ-સાધ્વીજીની અવરજવર પણ રહે છે. આ તીર્થમાં આવવાથી મનને ખૂબ જ શાંતિ મળે છે.

શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ

કુંભોજગીરી તીર્થ, પોસ્ટ ઃ બાહુબલી - ૪૧૬૧૧૩,

તાલુકો ઃ હથકલંગડા, જિલ્લો ઃ કોલ્હાપુર, રાજ્ય મહારાષ્ટ્રા

ફોન ઃ ૦૨૩૦-૨૫૮૪૪૫, ૦૨૩૦-૨૫૮૪૪૫૬.

૧૦૫. શ્રી અમલનેર તીર્થ - શ્રી ગિરૂઆ પાર્શ્વનાથ ભગવાન

અમલનેર સ્ટેશનથી ૧ માઇલ દૂર આ તીર્થ આવેલું છે. ભક્તિના ભરપૂર સંવેદનોથી સમૃદ્ધ સૃષ્ટિમાં દર્શકના દિલને ખેંચી જતા શ્યામવર્ણના શ્રી ગિરૂઆ પાર્શ્વનાથની અમલનેરનગરે ભવ્ય શિખરબંધ જિનાલયને વિભૂષિત કરે છે. આ જિનાલય સં. ૧૯૨૦ આ આસપાસમાં શ્રી સંઘે બનાવેલું પુનઃ જીર્ણોદ્ધાર બાદ સં. ૨૦૦૭ના વૈશાખ સુદ-૫ના ૧૧/૫/૧૦૫૧ના દિવસે પ્રતિષ્ઠા થઈ. આ પ્રતિમાજી ૫૦૦ વર્ષ જેટલાં પ્રાચીન છે. ઉત્તુંગ ગિરિશ્રુંગ સમી ઉન્નત ગરિમાને પરિધાન કરતા આ પ્રભુજીનું ગિરૂઆ પાર્શ્વનાથ નામ યથાર્થ છે. શ્રી ગિરૂઆજીની ભક્તિ ભક્તજનોને ગિરૂઆ બનાવે છે. મુનિશ્રી ગુણવિજયજીના શિષ્યે સં.૧૬૮૯માં રચેલા શ્રી ૧૦૮પાર્શ્વનાથ સ્તવનમાં જણાવે છે કે 'ગિરપર પાસજી ગિરૂઓ પાય પૂજું ચંપક લેઇ મરૂઆ' સ્તવનની આ કડીઓ શ્રી ગિરૂઆજી પૂર્વ કોઈ ગિરિશ્રુંગ પર બિરાજમાન હોવાનું અનુમાન કરવા પ્રેરે છે.

શ્રી ગિરૂઆ પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર સંસ્થાન

શરાફ બજાર, અમલનેર (જિ. જલગાંવ) મહા.૪૨૫૪૦૧.

૧૦૬. શ્રી નેર તીર્થ - શ્રીમનોવાંછિત પાર્શ્વનાથ ભગવાન

નેર નગરમાં વિભૂષણ શ્રી વાંછિત પાર્શ્વનાથ આશરે ૫૦૦ વર્ષથી પણ વધુ પ્રાચીન પ્રતિમાજીના દર્શનમાત્રથી પણ નેહ ઉપજે તેનાં નમણાં ભાસે છે. મધ્યપ્રદેશના બુરહાનપુર ગામમાંથી આ પ્રતિમાજી અહીં લઈ આવ્યાના ઉલ્લેખ છે. આ પ્રાચીન જિનપ્રાસાદ જીર્ણ થતાં શ્રી સંઘે તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને સંવત ૧૯૮૮ના વૈશાખ સુદ ૧૦ના શુભ દિને પૂ. પંન્યાસ શ્રી સુરેન્દ્રવિજયજી મ.સા.ના હસ્તે પુનઃ પ્રસ્થાપિત

કરવામાં આવ્યા. સં. ૧૮૮૧ના ફાગણ વદ-૨ના દિને પંન્યાસ ઉત્તમવિજયે રચેના શ્રી ૧૦૮ પાર્શ્વનાથ છંદમાં નેર નગરના પાર્શ્વનાથ ભગવંતનો ઉલ્લેખ થયેલો છે. પ્રતિમાજી ખૂબ જ ચમત્કારિક છે. ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવના અવસરે પ્રતિમાજીના અંગેઅંગમાંથી અમીરસના ઝરણા થયા હતા અને થોડાંક વર્ષો પૂર્વે આ જિન પ્રાસાદના અંગે અંગમાંથી અમીરસના ઝરણા થયા હતા અને થોડાંક વર્ષો પૂર્વે આ જિન પ્રસાદના શિખર ઉપર પ્રગટેલી દિવ્ય જ્યોતિને ગ્રામજનોએ વિસ્મિત નયનોથી નિહાળી હતી.

શ્રી મનોવાંછિત પાર્શ્વનાથ જૈન તીર્થ પેઢી

મુ.નેર, જિ. ધુલિયા, ૪૨૩૩૦૩ (મહારાષ્ટ્રા)

૧૦૭. શ્રી નાસિક તીર્થ - શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન

નાસિક મહારાષ્ટ્રની જૈન પ્રવૃત્તિઓનું પણ મહત્ત્વનું કેન્દ્ર છે. ૧૦ ભવ્ય જિનપ્રાસાદો ઉપાશ્રયો, ધર્મશાળા, ગુરુમંદિર આદિ અહીંના જૈનોના ધર્મજાગૃતિના પ્રત્યક્ષ પ્રમાણો છે. આ નગરમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું જિનમંદિર સં. ૧૮૦૦ આસપાસમાં શ્રી સંઘે બંધાવ્યું હતું. બીજી એક નોંધ અનુસાર આ જિનાલયનું સં. ૧૯૧૮માં નિર્માણ થયું હતું. આ જિનાલયની પ્રાચીનતા પૂર્વના ઉલ્લેખને વધુ પ્રમાણભૂત ઠેરવે છે. પ્રભુજીની પ્રતિમાજી પર સંવત ૧૫૪૮નો લેખ ઉત્કીર્ણ છે. પૂર્વ શ્વેતવર્ણા આ મનોહર પ્રતિમાજી પર તાજેતરમાં જ નીલવર્ણનો લેપ કરવામાં આવ્યો છે.

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર તીર્થ

પાર્શ્વનાથ લેન, ભદ્રકાલી, નાસિક સિટી, પીન - ૪૨૨૦૦૧.

૧૦૮. શ્રી મુંબઈ તીર્થ - શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાન

મુંબઈમાં પાયધુની વિસ્તારમાં આવેલું શ્રી ગોડી પાર્શ્વનાથનું જિનાલય સુવિખ્યાત છે. આ જિનાલયમાં બિરાજતા મૂળનાયક શ્રી ગોડી પાર્શ્વનાથજી અહલાદક પ્રભાવક અને અતિ પ્રાચીન છે. રાજસ્થાનના પ્રાચીન તીર્થ હમીરપુરમાંથી આ પ્રતિમાજી મુંબઇ લાવવામાં આવ્યા હતા તેમ કહેવાય છે. આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૮૬૮ના દ્વિતીય વૈશાખ સુદ ૧૦ને બુધવારના દિને થઈ હતી. પ્રભુજીનો મહિમા ખૂબ વધવા લાગ્યો અને તીર્થ રૂપે તેની ખ્યાતિ ચોમેર પ્રસરી તે જિનાલય જીર્ણ થતાં મૂળનાયક પ્રભુનું ઉત્થાપન કર્યા વિના જીર્ણોદ્ધાર કરીને દેવવિમાન તુલ્ય અતિ ભવ્ય પ્રાસાદનું નિર્માણ કરીને સં. ૨૦૪૫ના વૈશાખ સુદ ૧૦ના

દિવસે અન્ય જિનબિંબોની પ્રતિષ્ઠા સંપન્ન થઇ. મુંબઇમાં પાંચ ગભારાવાળું ત્રણ માળનું સંગેમરમરનું આ શ્રેષ્ઠ કલાત્મક જિનાલય છે.

શ્રી ગોડીજી જૈન દેરાસર પેઢી

વિજય વલ્લભ ચોક, પાયધુની-મુંબઇ-૪૦૦૦૦૩, ફોન નં. ૦૨૨-૨૩૪૬૩૧૫૬/૨૩૪૭૪૬૩૯.